L 4
G.J.
56

COMMENTARIES

ON THE

ZOROASTRIAN RELIGIOUS CEREMONIES

PANTHAKI

00047200

ORI
Guj 295.38
Pun/Com
47200

NATIONAL ARCHIVES OF INDIA

B.B.R.A.S.



NATIONAL ARCHIVES OF INDIA

Digitized with financial assistance from

NSDL
Technology, Trust & Reach

on 16 November, 2018

NATIONAL ARCHIVES OF INDIA

NATIONAL ARCHIVES OF INDIA

COMMENTARIES ON THE
ZOROASTRIAN RELIGIOUS CEREMONIES.
AS COMPARED WITH
The Present Medical Science
COMPILED BY
Mobed Aspundiarji Burjorji Punthakee.

PART I.

Registered under Act XXV of 1867.

(All Rights Reserved.)

47200
~~18200~~

ખુલાસે દીને જરથોસ્તી,
યા ને
જરથોશ્તી ધર્મ ક્રીયાના ફરમાંનાનાં ભેદોનો ખુલાસો, હાલના વૈદક શાસ્ત્રની સોધ સાથે મુકાબ્લો કરીને ઉમરે પુગેલા જરથોશ્તી છોકરાંઓને વાકેફ કરવા સારૂં
બનાવનાર,
મોબેદ અશપંદીયારજી બરજોરજી પંથકી.

ભાગ પેહલો.

અવસ્તા—અત હવો વંધઉસ વહીયોના અઈબી જમ્યાત યેનાઉ એરેજૂશ સવંઘો પથો શીષોઈત અહયા અંઘેઉશ અસત્વતો મનંધસ્ચા હથ્યેંગ આસ્તીશ.

અર્થ—જે ભલા નરો હમુને ખાલેશ ફાએદેમંદ રાહા શિખવે તે ભલા નરોને આએ દુન્યામાં તથા મિનોઈ જેહાંનમાં સરવેથી મોહોટો ભલાઈનો બદલો પોહોંચેછે, અને આ દુન્યામાં ચંદરોકાલ સુધી તેમની નેકનામી અમર રેહેછે.

મુંબઈ:—ધોબીતલાવ, નંબર ૮૭૨; વર્તમાન પ્રેસમાં છાપ્યું.

સને ૧૨૫૧ યજદેજરદી—સને ૧૮૮૨ ઇસવી.

NATIONAL ARCHIVES OF INDIA

47200

00047200

NATIONAL ARCHIVES OF INDIA

ધી ઓનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ.

શેઠજી શાહેબ હીરજીભાઇ હોરમજજી શેઠના.

શેઠજી શાહેબ ખુરશેદજી ફરદુનજી પારખ.

શેઠજી શાહેબ દીનશાહજી માંણેકજી પીટીટ.

શેઠજી શાહેબ ફરામજી નોશરવાંનજી પટેલ.

નામદાર સર જમશેદજી જીજીભાઇ ટ્રાંન્સલેશન ફંડના

ટ્રસ્ટી શાહેબો જોગ.

નામવર શાહેબો,

આપણા પવિત્ર ધર્મની કીર્ત્તિ વધારવાનાં કામમાં દર વખતે તમો નેક નામવરો કોશેશ કરોછો, તથા તે સાથે જેઓ એવી ખુબી ભરેલી કોશેશ કરેછે તેઓને ઘટતું ઉત્તેજન આપોછો, તેનાં માંનની જુજ ઇધાંણી દાખલ આ નાહની ચોપડી તમો સાહેબોને અર્પણ કરવાની રજા લઉં છું.

નામવર શાહેબો,

હું છું, તમારો તાબેદાર સેવક,

મોબેદ અશપંદીઆરજી બરજોરજી પંથકી.

NATIONAL ARCHIVES OF INDIA

NATIONAL ARCHIVES OF INDIA

આ ચોપડી વિશે ગરાંટ મેડીકલ કાલેજનાં ગરાડુએતનું મત.

મુંબઈની તા૦ ૧૬ મી ડીજેમબર ૧૮૮૧.

જરથોશ્તી બાલકોને ધર્મના તત્વની ખુબીથી વાકેફ કરવા સારૂ મોબેદ અશપંદીયારજી બરજોરજી પંથકીએ બનાવેલી "ખુલાસે દીને જરથોશ્તી" હેવે નામની પેહેલી ચોપડી હમોએ તપાસી જોઇ છે. આ ચોપડી મધે જરથોશ્તી ધર્મની બારીક દિલસુઝી વિશે કરેલા કેટલાએક ખુલાશાએ હાલનાં યુરોપીએન તખીએાની સોધ સાથે મલતા આવેછે અને હું ધારૂં છેઉં કે આ ચોપડી આપણાં જરથોશ્તી બાલકોને ધર્મની કેલવણીના ધડા આપવાને ઉપોયેાગી થઇ પડશે. વાસ્તે હું આશા રાખુંચ કે એવણની શ્રમાંણીક મેહેનતનેા બદલેા સર્વે જરથોશ્તી સાહેબેા આપવાને ચુકશે નહિ.

(સહી) ડાકટર હીરાજી એદલજી.

તે મરહુમ શેઠજી શાહેબ માંણેકજી નોશરવાંનજી પીટીટના મુંબાઇના ધરમના દવાખાનાના ડાકટર તથા હીશટરી આફ ધી મેડીકલ આરટનાં બનાવનાર.

NATIONAL ARCHIVES OF INDIA

NATIONAL ARCHIVES OF INDIA

આએ ચોપડી વિશે દસ્તુરજી શાહેબ પેશોતનજી દસ્તુર બેહેરામજી શંજાણાએ આપેલું મત.

ભાઈજી શાહેબ અસપંદીયારજી બરજોરજી પંથકી,

જત તમારૂં બનાવેલું "ઝોલાસે દીને જરતોશ્તી" નામનું ચોપાનયું હમોએ વાંચ્યું છે. આ ચોપાનયાંમાં તમોએ આપણું ધરમને લગતાં કેટલાં એક ફરમાનોની હાલમાં ડાકટરોએ કરેલી વિદ્યાની સોધની સાથે સરખામણી કરીછે, તેથી આપણા લોકોમાં મજકુર ફરમાનોની સારી અસર થયા વીનાં રેહેસે નહી. તમોએ મેહનત લેઈને ઊપલું ચોપાંણીઉ લખીઉછે તેમાં તમોએ તમારી તરફની દીનને લગતી એક સારી ફરજ બજાવીછે એવું હમો સમજીએ છઈએ અને આસા રાખીએ છીએ કે આપણા ટોલાના લોકો આએ ચોપાંનીઉ વાંચીને તે ઊપર ધ્યાન પોંહચાડસે.

રોજ ૪ થો માહ ૬ થો સને ૧૨૫૧ ફસ્લી જરજરદી.

હુ છેઉ તમારો નેક દુઆગો,

પેશોતન દસ્તુર બેહેરામજી શંજાંણાં.

NATIONAL ARCHIVES OF INDIA

NATIONAL ARCHIVES OF INDIA

આએ ચોપડો વિરો દસ્તુરજી શાહેબ, જામારપજી દસ્તુર મોનોચેહેરજી જામારપ આસાનાએ આપેલું મત.

મુંબઇ, રોજ ૯ મો માહ ૬ થો સને ૧૨૫૧.

મેહેરબાંન મોબેદ શાહેબ,

અસપંદીઆરજી બરજોરજી પંથકો જોગ,

જત તમોએ બનાવેલી "ખુલાશે દીને જરતોશતી" નામની ચોપડી અમોએ તપાસી જોઇ છે, જેમાં તમોએ આપણાં ધર્મને લગતાં કેટલાંએક પરમાનોની પ્રિલમુરી વીશે કરેલા ખુલાશાએ હાલના યુરોપીઅન તાપીઓની સોધ સાથે સરખામણી કરી બતાવ્યા છે. આએ ચોપડીનો જરતોશતી બાલકો તેમજ ઉમરે પુગેલા જરતોશતીઓમાં ફેલાવો કરવામાં આવે તો આપણી બરહક મજદયસ્ની જરતોશતી દીનની ખુબી વિશે તેઓનાં દીલમાં સારી અસર કરીઆ વિનાં રેહેશે નહી. આપણાં પાક મજહબના પરમાનોનો ખુલાશો કરવા પાછલ તમોએ જે મેહેનત કરીછે તે વિશે હમારી તરફથી તમોને મોબારકબાદી આપાએ છીએ અને ધ્છીએ છીએ કે તમોએ નેક ધારણાંથી કરેલી આ મેહેનત શપ્રલ થાય, અને તમારા આ સારા સહમજનો બદલો સર્વે જરતોશતી શાહેબો તરફથી તમોને મલે. એજ મકસદ.

લા૦ તમારો નેક દોઆગો,

જામારપજી દસ્તુર મોનોચેહેરજી.

NATIONAL ARCHIVES OF INDIA

NATIONAL ARCHIVES OF INDIA

બાબત ૧ લી.

જરથોશતી ધર્મ પુસ્તકો મધેની ખુબીનું વર્ણન.

મજદીયશની જરથોશતી દીનના પવીત્ર પુસ્તકોમાં આ દુન્યાંના સર્વે લોકોનું અરસપરસ ભલું ઇચ્છવા તથા તંદરોસતી ભરેલું મોહોટું અમુલ્ય સુખ હાંસલ કરવા સારૂ તથા નીતીના કાનુના પરમાણે ચાલવાને માટે ફિલસુફી ભરેલાં ફરમાંના જાહેર કરેલાં છે. આજે યુરોપ દેશના મોહોટા મોહોટા વિદ્વાન ડાકટરો સુખાકારીને લગતી નવી નવી બાબતો સોધી કાહાડેછે, તે આજે હજારો વરસોની વાત ઉપર સત જરથોશત પેગંમબર આ પૃથ્વીની સપાતી ઉપર સર્વેથી પેહેલી જાહેર કરી ગીએાછે. આ પૃથ્વીની સપાટી ઉપર સર્વેથી પેહેલું રાજ, તાજ, અને માંણસ જાતને સુખ ઉપજાવનારા મજદીયશની ધર્મના પવીત્ર કાયદાએા અને એલમ હોનરોનો ફેલાવો સર્વેથી પેહેલો ઈરાંણવેજમાં પ્રસીધ્ધ થાએા હતો, અને વખાંણવા લાએક જે મોહોટા મોહોટા બનાવો બન્યા હતા તે પ્રથમ હીઆંજ બનીઆ હતા, અને હીઆંજ હુંનરના મુરજે સર્વેથી પેહેલાં પોતાના પરોડીઆંનાં કિરણો નાખીઆં હતાં, અને તે અતી મોહોટાં તેજથી આ પૃથ્વીની ચોમેર નીતીના જ્ઞાનના પ્રકાશનો ફેલાવો હાલના સર્વે મજહુબોની સેંકડો વરસ અગાઉથી ઈરાણવેજ વાલા પેશદાદ તથા કેનીઅન તખ્મકાના પાદશાહોની રાજ હકુમત હેથે સર્વે દેકાંણે પ્રથમ ચાલુ થએા હતો, અને હીઆંજ માણસોની તંદરૂસ્તી જાલવવાના સાંધણો સારૂ તથા સંસાર સુખને વાસ્તે જાત જાતના એલમ વિદ્યાના ગ્રંથો પેહલા લખાયા હતા, હેવું વંદીદાદની પેહેલી તથા બીજી પ્રગરદ મધેના અવસ્તાથી સાબેત થાએછે. મજદીયશની જરથોસ્તી લોકોનાં રાજ હકુમતના વખતમાં માંણસો,સારી તંદરૂસ્તીસાથે ત્રણસોથી

વધારે વરસોસુધી પોતાની હયાતી ભોગવતા હતા,હેવું ઇજરાનીના ૯ માં હાના અવસ્તાથી તથા ફીરદોસી તુસીના બનાવેલાં શાહનામા ઊપરથી સાબેત થાએછે. જરથોશતી ધર્મ પુસ્તકોમાં જગો જગોએ આ દુનીઆંના લોકોને નેક વીચારવા, સાચ્ચું બોલવા, નેકીનાં કામો કરવા અને દરએક કામોમાં પુરા ચોકખાઇ, અને પવીત્રાઈ વાપરવા, તથા ગફલતીથી થાએલા ગુનાહનો પસતાવો કરવા, તથા બદી તથા ગલીચી ભરેલાં કામોનો નાશ કરવા અને એક બોદાને માંનવા ફરમાવેછે. તેની સાબેતીમાં

અવસ્તા, ઇજશની હા. ૧૦ મો—૫. ૧૬ મો.

પંચ નામ	અહુંમિ, પંચ નામ	નોઇત અહુંમિ.
૧—હૂમત	અહુંમિ, દુશમત	નોઇત અહુંમિ.
૨—હુખ્ત	અહુંમિ, દુખ્ત	નોઇત અહુંમિ.
૩—હુવરશત	અહુંમિ, દુખ્વરેશત	નોઇત અહુંમિ.
૪—સ્તઓશો	અહુંમિ, અસ્તઓશતોઇશ	નોઇત અહુંમિ.
૫—અશોનો	અહુંમિ, દ્રવતો	નોઇત અહુંમિ.

અવસ્તાનો સાર.

પાંચ નેક કરણીવાલાંઓમાં હું મદદગાર છેઉં, અને પાંચ બદ કરણીવાલાંઓનાં કામમાં હું મદદગાર નથી.

૧—નેક વીચાર કરનારાઓમાં હું છેઉં યાને મદદગાર છેઉં, બદ વમાસનારાઓમાં હું નથી યાને મદદગાર નથી.

૨—સાચું બોલનારાઓમાં હું છેઉ, અને જુઠું બોલનારાઓમાં હું નથી.

૩—નેકીનાં કામ કરનારાઓમાં હું છેઉં, અને બદીનાં કામ કરનારાઓમાં હું નથી.

NATIONAL ARCHIVES OF INDIA

૪—ફરમાંનબરદારોમાં (યાને ખોદાઇ ફરમાંનો બજાલાવનારોઓને અશોઇ ભરેલી તંદરૂસ્તી આપનાર) હું જ છઉં, અને નાફરમાંની કરનારાઓમાં યાને ઇશ્વરી પવીત્ર હોકમો તોડનારાઓમાં હું નથી.

૫—(જમીન, પાણી, અને આતશ ઉપર) અશોઇ લેઇ જનારાઓમાં હું મદદગાર છઉં અને (ગલીચી રીત વાપરીને જમીન, પાંણી તથા સઘલી ભલી પવીત્ર ચીજોને ખરાબ કરી રોગ ઉત્પન્ન કરનારા ગલીચ) દરવંદોમાં હું મદદગાર નથી.

બાબત ૨ જી.

સૂર્યની ખુબી વિષે જરથોશતી ધર્મની ફિલસુફી.

જરથોશતી ધર્મનાં ફિલસુફી ભરેલાં ફરમાનોમાં જણાવેછે કે, હવા, પાંણી અને જમીન મધેની સઘલી દુરગુણી રોગીષ્ટ ચીજોના નારા, સૂર્યની પુર ગરમી તથા રોશનીવાલાં તેજી કિર્ણોથી થાએછે. પ્રાંણીઓ માત્રનો કુદરતી કાયદે સંભાલ રાખવાના કારણોસર દાદાર અહુરમજદે આપણી પૃથ્વીને સૂર્યની આસપાસ ચોકસ ગતી આપીને સદા ફરતી રાખીછે.

સૂર્યના તેજી કિરણોની ગરમી આ જમીનપરની સઘલી ગલીચીને સુકાવીને બાલી નાંખેછે, તેમજ આપણાં દીલપરનાં પેહેરેલાં કપડાં મધે દાખલ થએલી ખરાબ દુરગુણી હવાને બાલી નાંખેછે * અને આપણા દીલમાંની સરદી તથા સુસ્તીનો નારા કરેછે. સૂર્યની ગરમી આપણા

* જે સીક માંણસોનાં પેહેરેલાં કપડાં પાછાં કામમાં લાવવાં હોએ તો તે કપડાંઓને ૨૪૦ દીગરી સુધીની ગરમી આપવાને સારૂ વિદ્વાન ડાકટરો ફરમાવેછે—જુઓ લાનસેટ ચોપાંનીયું—જુઓ ડા. હોરાજી, એ.ની હીસતરી આફ મેડીકલ આરટનું પાનુ. ૧૭૭.

બદનને પોંહોંચવાથી આપણી હીલચાલ કરવાની શકતીમાં વધારો થાએછે. કેટલાએક દેશોમાં સરદીથી અર્ધ મુવાં થએલાં માંણસોને સૂર્યની ગરમીની મદદ મલવાથી તેઓની તનદરૂસ્તીમાં સુધારો થાએછે. જ્યારે આકાશમાં વાદલ થાએ છે, અને સૂર્યની ગરમી જમીનપર પોંહોંચતી નથી, ત્યારે સરદ જેહેરી હવાનો વધારે જોર ઉત્પન્ન થાએ છે, તેથી ઈનસાંનોની તનદરૂસ્તીને નુકસાંન થાએ છે, અને શરીર મધે જે દરદ હોએ તે વધારે જોર ધરે છે. સૂર્યની રોશાની પડવા વગરના પાંણીમાં સરદ જેહેરી હવા ઉત્પન્ન થાએ છે, એટલાજ વાસતે સૂર્ય અસ્ત પામીઆ પછી અંધારી રાતે પાંણીનાં ચશામા તરફ બંદગી કરવા જવાની અવસતામાં મનાઈ ફરમાવેલી છે, કારણકે સૂર્યના કીરણ ગુમ થયા પછી પાંણીનાં તલીઆં મધેની બોખાર પાંણીની સપાતી ઉપર ધસારો કરેછે, અને તે માણસોનાં દમમાં ગીઆથી તાપની બીમારી ઉત્પન્ન થાએ છે. સૂર્યના પ્રકાશથી પાંણી મધેની તથા જમીન ઉપરની ખરાબ હવા સ્વચ્છ થાએ છે. સૂર્યના પ્રકાશથી ફાડી ખાનારાં જાંનવરો નાહાસેછે, અને ગોફાઓમાં છુપાઇ બેસે છે. સૂર્યના તેજી કિરણોની બરકતથી આ પૃથ્વીપરની દરએક ચીજ હસ્તી પામી નુરમંદ અને ચકચકીત અને રંગીન બેરંગીન રૂપાલી બને છે. સૂર્યની ગરમીથી ઝાડપાંણાનાં ફૂલફુલો રંગીન ચીતાર પામેછે, અને અતી ખમરાત વાલાં અને મધુર મીઠાસવાલાં બને છે. જે જમીન અને ઘરોની અંદરના ભાગોમાં જ્યાંહાં સૂર્યના કિર્ણો પોંહોંચી શકતાં નથી, તે જગોની જેહેરી સરદ હવાને દુર કરવાને ઈલાજો તરીકે આતશ રોશાન કરવાને આપણા ધર્મમાં જણાવેલું છે. ટુકમાં લખીએતો આપણી પૃથ્વીના પોતાનેા આધાર તથા દીવસ અને રાત થવાનો તથા જુદી જુદી રૂતુઓ થવાનો સબબ તથા માણસ જાત અને સઘલી જાતનાં પ્રાંણીઓ

તથા ઝાડપાંનોનો નીભાવનો મુખ્ય હાધાર સૂર્યની ગરમી ઊપર છે. એ કારણથી સૂર્યની સ્તુતી ગાવાને, તથા તે નુરી કિબલાની સનમુખ ઊભા રેહીને તેના બનાવનાર સર્વ શકતીમાન એક ખોદાની બંદગી કરવા સારૂ હકીમોના હકીમ સત જરથોશ્રાત યેગંમબર શાહેબે આપણને ફરમાન કીધેલું છે.

સૂર્ય વિષે સ્તવસ્તા—ખોરશેદ નીઆયેશ—૬. ૨ જો.

આઅત યત હવરે ઉજુખશીએઇતિ બવત જાંમ અહુરદાતાંમ યોજદાથરેમ આપેમ તગ્નિતાંમ યોજદાથરેમ આપેમ ખાંન્યાંમ યોજદાથરેમ આપેમ જરયનામ યોજદાથરેમ આપેમ અરમ એશતાંમ યોજદાથરેમ બવત દામ અશાવ યોજદાથરેમ યાએા હેન્તિ શયેન્તહે મઇન્યેઉશ.

અર્થ.

જ્યારે સુરજ ઉપર ઉગછે ત્યારે હોરમજદની યેદા કીધેલી જમીન પાક થાએછે, વેહેતાં પાંણી પાક થાએછે, કુવાનાં પાંણી પાક થાએછે, દરીઆનાં પાણી પાક થાએછે, તલાવનાં પાણી પાક થાએછે અને અશોઇની પેદાએશ કે જે શયેનાંમીનોને લગતીછે, તે સર્વે પાક થાએછે.

સૂર્યની ખુબી વિષે ગ્રેટ બ્રીટનની પાદશાહી કાલેજના પદાર્થ વિજ્ઞાન પ્રોફેસર, જોન ટીનદાલે કરેલી સીકૃત હમારા મીત્ર એરવડ જીવણજી જમશેદજી મોદી, બી. એ. હસ્તક મલેલી હમોએ નીચે જણાવીછે.

"અએ સૂર્ય! બલતા પાહાડોનું ફાટવું અને ભરતી ઓટના કુદરતી બનાવો શિવાએ હમારી પૃથ્વી ઊપર બનતા સઘલા બનાવો તાહારેથી ઉત્પન્ન થાએછે. તું ઈંદ્રય અને નીર ઈંદ્રય જીવવાલી અને બીજી કુદરતી શકિતઓનું મુલછે. દરીઆનાં પાંણી બંધાઈ ન જતાં પ્રવાહી રૂપમાં જલવાઇ રેહેછે, તે તાહારા પ્રતાપથી છે. તાહારાજ પ્રતાપથી હમારી વાતાવર્ણ પોતાનું વાયું રૂપ જાલવી રાખેછે.

વાતાવર્ણમાં પવનનું અને દરીઆમાં પાંણીનાં જોરનું વધવું તારી શકતીથીજછે. તાહારીજ શકિતથી પાહાડો ઊપર પાંણી અને બરફ નદીઓ પોતાનું વેહેવું કરેછે. પાંણીના મોહોટા ધોતો અને બરફના મોહોટા પ્રવાહો તાહારાજ બલને આભારીછે.

તાહારાજ બલને ગગરાત અને વીજલી ઊપકારીછે. આએ બોહોલી ધરતી ઊપર બલતો દરેક આતશ અને રોશાન રેહેત દરએક ચેરાગ પોતાની ગરમી રોશાનીના મુલ તરીકે, અએ બલવંત આકતાબ! તુંનેજ માંનેછે.

પ્રોફેસર ટીનદાલનાં અંગ્રેજી શબ્દો નીચે મુજબના છે.

"Leaving out of account the eruptions of volcanoes and the ebb and flow of the tides, every mechanical action on the earth's surface, every manifestation of power, organic, or inorganic vital and physical is produced by theSun. His warmth keeps the sea liquid and the atmosphere a gas; and all the storms which agitate both are blown by the mechanical force of the Sun. He lifts the rivers and the glaciers up the mountains; and thus the cataract and avalanche shoot with an energy derived immediately from him Thunder and lightning are all his transmitted strength. Every fire that burns, and every flame 'that glows. dispenses light and heat which originally belonged to the Sun."

NATIONAL ARCHIVES OF INDIA

યજુરવેદમાં સૂર્યની ખુબી નીચે મુજબ જણાવેલીછે.

॥ तपाम्यहंम हंमवर्शे निगृण्हामी सृजामिच ॥

॥ अमृतंश्चैव मृत्युश्च सद असदच्चा हंम अर्जुनः ॥

સૂર્ય (અર જુન રાજાને) કેહેછે કે આ પૃથ્વી ઊપર, ગરમીનું તપવું અને વરસાદનું પડવું માહારી તેજી પ્રકાશ શક્તિથી બનેછે. અને વરસાદ પડવા પછી આ પૃથ્વી ઊપરની સધલી સદગુણી ચીજોનું ઊગવું અને અવગુણી ચીજોનો નાંશ માહારીજ તેજી પ્રકાશ શક્તિથી થાએછે.

ચંદ્ર તથા સેતારાઓની ખુબી વિષેની સધલી બાબતો, જોતીષ વિદ્યાને લગતી તેના જુદા ભાગની ચોપડી પરતાવાને હમોએ દરૂસ્ત વીચારીઊ છે, વાસ્તે ચંદ્ર, તથા સેતારાઓને લગતી બાબતો અત્રે આ ચોપડીમાં જણાવી નથી.

બાબત ૩ જી.

આતશની ખુબી વિષે જરથોશતી ધર્મની ફિલસુફી.

જે જગોમાં સૂર્યના કિરણો પોંહોંચી શકતાં નથી તે જગો મધેની દુરગુણી ખરાબ સરદ હવાને દુર કરવાને સારૂં અને સ્વચ્છ હવાનો વધારો થવા સારૂં જગો જગોએ પવીત્ર આતશ રોશન રાખવા તથા તે ઊપર ખુશબોદાર ચીજો બાલવાને સારૂં આપણો જરથોશતી ધર્મ ફરમાવેછે. કારણ કે નુરી પવીત્ર આતશની ગરમીથી તે જગોમાંથી જેહેરી હવા પતલી અને હલકી થઈ બાહાર જાએંછે. અને તેને બદલે ચોખ્ખી બાહારની હવા અંદર આવેછે. અને

જેહેરી સરદ હવાને આતશી જેત પોતાની તરફ ખેંચીને પતલી નબલી કરી બાલી નાખેછે. અને એટલાજ વાસતે આપણા ઘરોમાં, મોહોલાઓમાં અને શેહેરોમાં આતશકદેહે બાંધવા તથા આતશને પવીત્ર રીતે રોશન રાખવા તથા તેના ઉપર ખુશબોદાર સુકી કાથી સુખર, લોબાંન, અગર, બાલવા આપણે ફિલસુફી ભરેલો જરથોશતી ધર્મ ફરમાવેછે. આતશની ગરમીથી હવા મધેના રોગીસ જેહેરી બીઆં બલીજાઇ હવા સ્વચ્છ થાએછે. આજારી આદમીના ઓરડામાં અગરબતી બાલવાને તથા લોબાંન ધુપાવવાનો સરેસતો પડીઆછે તેબી ઉપલાં ફિલસુફી ભરેલાં ફરમાંનને મલતુંછે.

ઇસપીતાલોમાં, બરાબોમાં, અને વાંહાણોમાં જ્યાંહાં ઊડતા રોગો ફેલાએલા હોએછે તે જગોમાંની બરાબ હવાને દુર કરવા સારૂ આતશની ધુપ આપવામાં આવેછે. આજારી માણસે પોતાના હાથમાં વાંચવા લીધેલી ચોપડીને પણ આતશની ધુપ આપીઆ સીવાએ બીજાએ પોતાના હાથમાં ધરવી નહીં, તેમજ કોઇ ઉડતા રોગવાલા દરદીની ડાકટરે ભેટ લીધા પછી પોતાનાં દીલમાંનાં કપરાં ઉપર આતશની ધુપ આપીઆ વગર જો તે ડાકટર પોતાના બીજા ઘરાકની ભેટ લીએ તો પેહેલાં દરદીનું દરદ બીજાને લાગુ પડેછે. જે જગોમાં કાલેરા અને ઉડતો રોગ ફેલાએલો હોએછે તે જગોની બરાબ હવાને બાલી નાખવા સારૂ તેવે ટેકાણે જગો જગોએ આતશ સલગાવવામાં આવેછે. (જુઓ ડા. હીરજી, એ. ની હીસતરી આફ મેડીકલ આરત, પાનું ૧૭૮, ૧૭૯.)

આએ પૃથ્વી ઉપરની સઘલી જીવતી અથવા જીવ વગરની ચીજોમાં ગરમીનો થોડો યા ઘણો ભાગ હોએછે. બરફ જેવી અતી અંત ઠંડી પદાર્થમાંબી થોડી ગરમીછે એવું વિદ્યાથી સાબેત

થયું છે. શરીરમાં ખુદરતી કાયદે ગરમી પેદા થવાથીજ સઘલાં પ્રાંણીઓ જીવી શકેછે. ઉદ્યોગ તથા હુંનરોને લગતાં સર્વે કારખાંનાઓમાં તથા સાંચા કામમાં આતશની ગરમીનો પુરાકલ ખપ પડેછે. રાતની વેલાએ ઘરોમાં તથા મોહોલાઓમાં રોશની આપવા માટે બતીઓ કીધામાં આવેછે તેથી આતશની રોશનીથી થાએછે. ગરમી તથા રોશનીને ઉત્પન્ન કરનાર ખોદાતાલાએ પોતાના મહા નુરી આતશી ઝરા મધેથી સૂર્યની મારફતે રોશની તથા ગરમી, આ બે અમુલ્ય ચીજો સઘલાં જીવજંતોની હસ્તી સારૂ બખ્શીછે. આ પૃથવી ઉપરનાં ઝાડપાણ તથા પ્રાંણીઓ ગરમીની મદદથી સજીવણ થાએછે અને રોશનીની મદદથી પ્રાંણીઓ દરએક ચીજોને જોઇ શકેછે. અને દરેક પ્રાંણીઓના શરીરમાંથી ગરમી નીકલી જેઇ તો તે જીવ વનાના થઈ પડેછે. તેમજ રોશનીની મદદ વીના આંધલાંની માફક આસપાસની કોઇ ચીજો જોઈ શકતાં નથી, સઘલાં પ્રાણીઓ ગરમી અને રોશનીની મદદથીજ જીવતાં અને જોતાં થઆંછે. એટલુંજ નહીં પણ આપણો દરરોજનો ખોરાક પણ આતશી ગરમીની મદદથી તૈયાર થાએછે. દરએક કામમાં રોશની તથા ગરમીનો ખપ પડેછે ત્યારે એ માનવીઓ ખોદાના નુરી પાક કેબલાને નહીં માન આપનાર ખરો નગુણો, અધર્મી, ગુન્હેગાર ઠરેછે, એ સબબથી આપણી પાક દીનનાં પુસ્તકોમાં એ નુરી કેબલાઓને નમી તેમની સ્તુતી કરવાને તથા તેમની સનમુખ ઉભા રહીને પાક ખોદાતાલાની બંદગી કરવાને ફરમાવેલું છે.

અવસતા—વંદીદાદ ફ્રગર્દ ૮, ફ. ૭૯, ૮૦.

યો અએસ્મો, અશાય બરત, શ્પીતમ જરથુશ્તર, ઉર્વાશ્નયાઉ વા, વોહુગોનહે વા, વોહુકેરેતોઇશ વા, હુદાનેપતયાઉ વા, કાંમચિત વા

હુમ્બોઇદિતેમનાંમ, ઉર્વરનાંમ. યહુમાત કહુમાત ચિત નએમનાંમ. વાતો આથરો બોઇદિમ વીખરઇતિ. અહુમાત કહુમાત ચિત નએમનાંમ. હુજંઅશ્ન, પઇતિ જસઇતિ, આતર્શ મજદાડુ, અહુરહે. દએવનાંમ, મઇન્યવનાંમ, તેમસ ચિથ્રનાંમ, દ્રવંતાંમ, બિજવત, યાતુનાંમચ, પઇરિક નાંમચ.

અર્થ.

જે કોઇ રાખસ આતરાની ઉપર સુખડ, લોબાંન, બોએ અને દારંમનાં જાહાડનાં સુગંધી લાકડાં લઈ જાએ, અથવા કોઇ સુગંધી ઝાડોની કાથી લઈ જાએ તો આતરા દરેક દીસાએ સુગંધીદાર પવન ફેલાવેછે અને દરેક દીસાએ જાંહાં તે પવન ફેલાએછે ત્યાં હોરમજદનો આતરા સ્વચ્છ હવાને ખરાબ કરનારાં દરવંદો તથા દોજખી દેવો, જાદુગરો અને પરીઓને હજાર ઘણો મારનાર તરીકે થોંહાંચેછે.

બાબત ૪ થો.

પાંણી સારૂ રાખવા વિષે.

વેહેતાં પાંણીની નજદીક બાલ, નખ, નસો, યા ગલીચી નાખ વાથી તેનું પરીણામ ખરાબ નીપજેછે. કુવા તલાવ, યા વેહેતાં પાંણીમાં નસો યા ગલીચી ભરેલી કાંઇપણ ચીજો નાંખવી નહીં, અથવા કાંઇપણ ગલીચ ખરાબ કપડાં તેમાં ધોવાં નહીં, અથવા ઝાડનાં પાંદડાંનો કચરો યા મુરડાં બારેલી રાખ નાંખવી નહીં, કારણકે તે પાંણી માંણસોના અથવા ગાએ ધોરના પીવામાં આવે તો તેથી તેમનાં શરીરમાં દરદ ઉત્પન્ન થાએછે, અને તે પાંણી બાગના ઝાડપાનમાં સીપવામાં આવે તો તે ઝાડનાં ફૂલોમાં સરો પેદા થાએ છે, અને જો તે પાંણીથી ધોએલાં કપડાં પેહેરવામાં આવે તો તેથી

NATIONAL ARCHIVES OF INDIA

બદનના ભાગો ઉપર કીડને લગતાં દરદો ઉત્પન્ન થાએછે. તેમજ કુવાની નજદીકની જગોમાં ખાડો પાડીને તેમાં કાદવ, ઝાડનાં પાંદડાંનો કચરો યા રોગિષ્ટ ચીજો રાખવાથી તે ખાડા મધેના કોહોવાતવાલો પદાર્થ વરસાદનાં પાંણીથી ધોવાઈને તે પેલા કુવાનાં પાંણી સાથે મલેછે તેથી ઉપલી રીતે પાંણી ખરાબ થાએછે. અને તેમાં ખરાબ હવા પેદા થાઈ આસપાસના વસનારાઓની તંદરોસ્તીમાં બીગારો કરેછે. વાસતે આપણા ફિલસુફી ભરેલા જરથોસતી ધર્મમાં જેમ બને તેમ પાંણીમાંનો કચરો કાહાડી સાફ રાખવાને તથા પાંણીમાં નસો તથા બીજી ગલીચ ચીજો નહીં નાંખવાને ફરમાવેલું છે.

પાંણીમાં કાંઈપિણ કચરો અથવા નસો નાંખવાથી પાંણી ખરાબ થઈને જેહેરી હવાનો બાફ તેમાંથી બાહાર નીકલવાથી મેલેરીઅસ ફિવર ઉત્પન્ન થાએછે. અને તે ખરાબ પાંણી પીધાથી કાલેરા અને તાઈફોઈદ જાતની તાવ પેદા થાએછે. જુઓ દાકટર હી. એ. ની હીસ્તરી આફ મેદીકલ આરટ, પાંનું ૧૯૨.

પાંણી વિષ અવસ્તા—વં. પ્રગરદ ૬, ફ. ૨૯ મેા.

આઅત મરોત અહુરો મજદાડુ, યવત ચવત તડે જસ્તએજ્ય હુંગેઉર્વયાંત અએતવત અપત હચ નિજબારયેન, હુરાકે જેમો નિદઈથ્યાંન, નોઇત અસ્તાંમ નોઈત વરેસાંમ નોઇત સ્પામાંમ નોઈત પુથાંમ નોઇત વંધુતાતામ પઈરિ સ્પાઈતિ અપાંમ આસ્તારયાડુઅન્તે.

અર્થ.

ત્યારે હોરમજદે જવાબ આપીયોકે માંણસો પોતાને હાથે જેટલો લેવાએ તેટલો નસો બનતા સુધી પાંણીમાંથી કાહાડીને શુકી જમીન ઉપર મુકે અને હાડકાં, બાલ, નખ, ચરકીન, લોહી, ઈત્યાદી ચીજોને પાંણીમાં નાંખીને તેને ખરાબ નહીં કરે.

NATIONAL ARCHIVES OF INDIA

બાબત ૫ મી.

જમીનમાં નસો દાટવાની મનાઈ વિષે.

નસો ન્યા મુરદાં અથવા મુવેલાં જાનવરોનું શરીર જમીનના કોઈપણ ભાગોમાં દાટવું નહીં, એવું આપણાં પાક ધર્મનું ફરમાનછે—સબબ કે જમીનની અંદર કોઈપણ રીતનો નસો અથવા મુરદાં ડાટવાથી તે જમીનની અંદર હજારો જાતના જેહેરી જીવડાઓ, સર્પો, વીછુ અને કાનખજુરા અને હેવી જાતના જેહેરી દંખીલ કીડાઓ જન્મ લીએછે, એટલુંજ નહીં પણ તેવી જગો ઉપર થઈને વરસાદનું પાંણી કુવા તલાવમાં જાએછે, અને તે પાંણી માણસોના તથા ઢોરોનાં પીવામાં અને વપરાસમાં આવેછે, તેથી તરેહવાર જાતના રોગો ઉત્પન્ન થાએછે. તેમજ જ્યારે સૂર્યની ગરમીથી તે જમીન તપેછે ત્યારે તે નસો ઈયા ગલીચી ડાટેલી જમીન મધેથી ખરાબ વાસવાલી રોગિષ્ટ હવા બાહાર નીકલેછે, તે પણ તંદરૂસ્તી આપનારી સ્વચ્છ હવાને ખરાબ કરેછે. એટલા વાસ્તે આપણા ફિલસુફી ભરેલા જરથોશાતી ધર્મમાં, જમીનમાં મુરદાં ઈયા નસો દાતવા વિષેની સખ્ત મનાઈ કીધીછે, તથા જેમ બને તેમ જમીનને સાફ સફા રાખવાને ફરમાવેલુંછે.

અંગ્રેજી લશકરી ફોજની વૈદકસાલાના પ્રોફેસરે તંદરૂસ્તી જાલવવાના કાયદાના સંગ્રસારનાં પુસ્તકમાં જમીનમાં મુરડાં ડાટવાના અવગુણો વિષે આપેલા દાખલાઓ નીચે મુજબ જણાવેછે :—

સહીએર તથા કાલેરા અને હેવાજ ઉડતા રોગોથી મરણ પામેલાં માંણસોનાં મુરદાં જમીનમાં દાત્યાં હોએ તો તે જમીન જ્યારે પાછી ખોડીએ ત્યારે જે ઉડતા રોગથી મરણ પામેલાં માણસની લાસ દાટેલી હોએછે તે જાતનો ઉડતો રોગ તે જમીનની આસપાસ ફેલાવો કરેછે. એક જગોએ ઉડતા રોગથી મરણ પામેલાં માણસોનાં

મુરદાં દાટેલાં હતાં તે જગોનો ઘણાએક વરસે ખપ પડવાથી તે જગા બંદીવાંનો પાસે ખણાવવામાં આવી તેથી તે જગા ખણનારાઓને તે જગા મધેનો ઉડતો રોગ લાગુ પડવાથી તે જમીન ખોદનારા બંદીવાંનો મધેનો મોહોટો ભાગ મરણ પાંમીઓ અને તેહેવીં જગાની નજદીકનું પાંણી પીનારાઓને પણ તે ઉડતો રોગ લાગુ પડયાના ઘણાએક દાખલા બનેલાછે. જુઓ મેન્યુઅલ આફ્ પ્રકતીકલ હાજીએન.

Manual of Practical Hygiene, by E. A. Parkes, M. D. F. R. S. Second edition.

જમીન વિષે અવસ્તા—વં. પ્રગરદ ૩, ફ. ૮ મો.

દાતરે ગએથનાંમ અસ્તવઈતિનાંમ અશાઉમ કવ બિતિમ અંધાનુ જેમો અશાઈશ્તેમ આઅત મરેત અહુરો મજદાનુ યત બા પઈતિ ફ્રેશ્તેમ સઈરિ નિકંતે, રપાનચ ઈરિશ્ત, નરચ ઇરિશ્ત.

અર્થ.

હાડમંદ દુનીઆંના પેદા કરનાર અશો હોરમજદ બીજી કહી જગા નાખુશછે. ત્યારે હોરમજદે જવાબ દીધોકે જે જગા ઉપર મુએલાં માણસો અને મુએલાં કુતરાંઓને દાટેલાં હોએ.

બાબત ૬ ઠી.

હવા સ્વચ્છ રાખવાના સાંધણો વિષે ખુલાસો.

માંણસો અન્ન પાંણી વીના ત્રણ ચારથી વધું દીવસો જીવી શકે છે, પણ હવા વીના કોઈ પણ પ્રાંણીઓ એક પલભરભી જીવી શકતું નથી, વાસ્તે પ્રાંણી માત્રનો સર્વેથી પેહેલો અગતનો ખોરાક તે સ્વચ્છ હવાછે. પ્રાંણીઓને જન્મ આપનાર ઇશ્વરે આ પૃથવીની આસપાસ સ્વચ્છ હવાનો અખુટ દોલતવાલો મોહોટો જથ્થો જમાવી રાખીઓછે, પણ જમીનપર વસનારાં કેટલાંએક અવીચારી માણસો

જમીન, પાંણી, અને આતશનો ઘણો ખરાબ રીતે ઉપીયોગ કરી નાના પ્રકારના અપકારક મિશ્ર પદાર્થો સ્વચ્છ હવામાં ભેલેછે, જેથી તે હવામાં ઉડતા રોગોને જન્મ આપનાર જેહેરી ગીઆસનો ઉપદ્રવ વધે છે. એટલા વારતે આપણા ફ્રિલમુફ્રી ભરેલા જરથોશતી ધર્મમાં જમીન, પાંણી અને આતશને નિર્મલ રાખવાને ફરમાવીઉંછે. તથા મુરદાં, નસો, અથવા સ્વચ્છ હવાને ખરાબ કરનારી રોગિષ્ટ ચીજોને જમીન, પાંણી અને આતશ મધેથી બાહાર ખેંચી કાહાડવા, તથા તેમાં નસો ઇયા કચરો નાંખનારને સજા કરવા આપણા ફ્રિલમુફ્રી ભરેલાં વંદીદાદ પુસ્તકમાં ફરમાવેલુંછે. જે આજે યુરોપના મોહોટા વખણાએલા વીદવાંન ડાકટરો તંદરોસ્તી મેલવવાના બાંધણોની બાબતમાં આપણાજ ધર્મના ફરમાંનને મલતા નવી સોધોના દાખલાઓ આપેછે.

જુઓ ઇનડિઆ સરકારના સાનિટરી કમિશનર, ડાકટર જે. એમ. કનિંગહામની આરોગ્ય વિદ્યાના વિષ્ય ઉપર બનાવેલી ચોપડી.

"એરથાલમીઆ અને તાઈફ્રા જાતની તાવ" તથા બીજા કેટલીએક જાતના ઉડતા રોગો હવાની મારફતે લાગુ પડેછે. જે કોઈનાં શરીરનાં ભાગો ઉપર કાંઈપણ જખમ થાએલો હોએ અને તેની ઉપર જે ઉડતા રોગનો ખરાબ હવા લાગતા જે રોગ સાથે તે હવા મલેલી હોએ તે હવા શરીરનાં ઉઘાડા જખમ ઉપર લાગાથી તે જાતનો રોગ શરીરમાં દાખલ થાએછે.

એ વિષે એરીસીપેલસ,* હાસપીતાલ, ગેનગ્રેન,† ઇત્યાદી બાબતોમાં જણાવેલુંછે.

---

*Erysipelous, એરીસીપેલાસ, ગોવરાના જેવી ફુલીથી થાતું એક જાતના ઉડતા રોગનું દરદ, જેથી માણસો બચી શકતાં નથી.

†Gangrene, ગેનગ્રેન, એટલે, સડો અથવા નાસુરને લગતું દરદ.

હવા વિષે અવસ્તા—રામયસ્ત ફ. ૪૩ મે.

વયુશ્ચા આ નામ અહુમિ અશાચુમ જરથુશ્તર અવત વયુશ્ચા આ નામ અહુમિ યત અઉ વ દામ વયેમિ યસ્ચ દથત. સ્યેન્તો મઈ ન્યુશ્ચા યસ્ચ દથત અંગ્રેમઈન્યુશ્ચા.

વયોઇશ્ચા ઉપરો કઇર્યેહુ. તરદાતો અન્યાઇસ દામાંન.

અર્થ.

ઓ અશો જરતોશ્ત મારૂં નામ વાયુછે. એટલા વાસ્તે મારૂં નામ વાયુછે કે હું બેહુ યેદાએશ્ચા કે જે સ્યેનાંમીનોને લગતી અને ગનાંમીનોને લગતીછે તેમાં હું ફુકુંછું.

સરસ કામ કરનાર પવનને હું ઇજીંછું કે સઘલી યેદાએશોમાં સર્વથી સરસ ઉતમ ગુણીછે (એટલે પવન વગર મુદલ કોઇને ચાલેજ નહી.)

બાબત ૭ મી.

ઝાડ પાન અને ખેતરોમાં રોગિષ્ટ ચીજો નાંખવાના અવગુણો વિષે.

આપણા ફિલસુફો ભરેલા જરથોશ્તી ધર્મનાં ફરમાનમાં જણાવેછે કે બાગ, ખેતર અથવા ઝાડપાંણોની જગોમાં નસો ઈયા રોગીસ પદાર્થો ભેરાએલું ખાતર નાખવું નહીં, કારણકે તે બધેના રોગિષ્ટ ગુણો ઝાડનાં મુલીઆં પોતામાં ખેંચી લીએછે, અને તે રોગિષ્ટ ગુણો તેનાં ફુલોમાં ઉતરેછે, અને તે ફુલ તરકારી આપણાં ખાધામાં આવેછે તેથી આપણી તંદરૂસતીમાં અકસમાત બીમારી પેદા થાએછે.

આગલા ઈરાંની બેદુતો બાગોનાં ઝાડોમાં ગાએ ઢોરનું જ ખાતર પુરતા હતા તેથી તે ઝાડોનાં ફુલ તરકારી ખાધાથી માણસોની

તંદરૂસ્તીમાં કોઈ કાલે બીમારી થતી ન હતી અને લાંબો વખત જીંદગી ભોગવતા હતા, અને હાલમાં માણસોની તંદરૂસતીમાં જે અચબુચાં માઠાં પરીણામ નીપજેછે તેના મુલ સબબ અજછે કે આજના જમાનાના લોકો જગો જગોએ જમીનના ભાગોમાં નસા ભરેલી રેાગિષ્ટ ચીજે પુરવામાં કસો પણ વીચાર કરતા નથી. જેમ પક્ષીઓ હવામાં, માછલાંઓ સમુદ્રમાં જીંદગી ભોગવેછે તેમ માંણસો અને પ્રાંણીઓનો રેહેવાસ, વપરાસ અને ખોરાક જમીન અને ઝાડ પાંણ સાથેજ સંબંધ રાખેછે, ત્યારે આપણે વીચારવું જોઈએ કે જે રેાગિષ્ટ ચીજો આપણે જમીનમાં અને ઝાડપાંણોમાં નાંખીએ છઈએ તે આપણે જમીનમાં નથી નાંખતા પણ તે આપણાં શરીરમાં આરકતરી રીતે લાવીએ છઈએ, એટલા વાસતે આપણા ફિલમુફી ભરેલા જરથોશાતી ધર્મના વંદીદાદ પુસ્તક મધે બાગોની અને ખેતરોની જમીનોમાં નસો લેઇ જનારને મોહોટી સજા કરવા ફરમાવેલી છે. ઉપલી બાબતમાં એક દાખલો નીચે મુજબ આપું છઉં :—

કેરના ઝાડના સૂક્ષ્મ બીજા ઝાડો કરતાં વધારે મોહોટાં અને વધારે ખુલ્લાં હોએછે, તેથી કેરના ઝાડનાં ઠડમાં ખાતરના બેલ સાથે ઊંદરો પુરીઆ હોએતો તે કેલ ઊપર કેરાં ઊગીઆ પછી તે ભાંજીને તપાસી જોસો તો તેમાંથી પેલા ઊંદરના બાલો તમારી નજરે આવશે અને એજ પરમાંણે ઝાડોનાં થડમાં પુરેલી રેાગીસ ચીજોના ગુણો તેના ફૂલોમાં ઊતરેછે. જેમ જમીન, પાંણી, અને આતરા ઊપર નસા ભરેલી ગંધીલી ચીજો મેલવાથી તેના રેાગી ગુણો દમમાં લેવાની હવાને જાઈ મલેછે. તેમજ આ રેાગિષ્ટ ચીજોના ગુણો ફૂલફુલોમાં દાખલ થાએછે તે સારૂં આપણા ફિલમૂફી ભરેલા વંદીદાદની છઠી પ્રગરદમાં નસો યા રેાગિષ્ટ ચીજોને બાગોમાંથી અને ખેતરોમાંથી દુર કરવા ફરમાંવેછે. અગરજો

માંણસોના ખોરાકમાં નસો ખાધામાં આવે તો તેથી તેના કોથામાં બીગાડો થાએછે, અને આંખોમાંથી ગરમીનો પદાર્થ વેહેછે, અને શરીરનાં ભાગોમાં દરદો નીપજેછે, તે વાસ્તે ગાયે, ભેંસોને પણ રોગિષ્ટ પદાર્થ ભેરાએલો ખોરાક નહીં આપવો જોઇએ, કારણકે તેમનું દુધ તે આપણો મોહોટો ખોરાક છે. જો તેમના ખોરાકમાં નસાવાલી ચીજો ખાધામાં આવેતો એક વરશ સુધી તેમનું દુધ આપણા ખોરાકમાં લેવાની મનાઈ આપણા વંદીદાદ વાલાં ધર્મ પુસ્તકમાં જણાવીછે. આ પૃથવી પરનાં સઘલાં માંણસોની તંદરૂસ્તીની સંભાલને સારૂ જરથોશતી ધર્મ પુસ્તકોમાં બેહદ ખુબી ભરેલી ફિલસુફી જણાવેલી છે.

બેતરમાં પડેલા નસા વિષે અવસ્તા.

યેજી મજદયસ્ન તાંમ જાંમ કારયેન યેજી આપો હુરેજયેન યત અહુમિ સ્પાંનસ્ચ નરસ્ચ પરઇરિથ્યેન્તિ અંતરાત નએમાત યારે દ્રાજો નમુરા પએમ પસ્ચએત આસ્તારયાઉન્તે અએતે યોઈ મજદ યસ્ન અપસ્ચ જેમસ્ચ ઉધેરાઉસ્ચ.

અર્થ.

અગરજો મજદીઅસનાંન લોકો તે બાગ અથવા બેતરની જગા કે જેની અંદર માંણસ અથવા કુતરૂં મરી ગએલું હોએ તેને એક વરશની અંદર બેડે અથવા પાંણી શીબે તો તે મજદીઅસ્નાંનો પાંણી, જમીન, અને ઝાહાડપાંણની અંદર નશો ડાટવાનાં ગુનેહગાર થાએ. (વંદીદાદ છઠ્ઠી પ્રગરદ, ત્રીજે ફકરો.)

બાબત ૮ મી.

ગલીચ માંણસોનાં બાલ અને નખથી નીપજતાં દરદો.

જે ગલીચ માંણસો દરરોજ પોતાનાં શરીરને ધોઈને સાફ નહીં કરે અને પોતાનાં બાલ અને નખોને વેરાતાં નાંખે તો તેની માર-

કૂતે બીજાં માંણસોની તંદરૂસ્તીમાં ઈજા થાએછે. માંણસોના બાલ અને નખો તે દરૂજ નસરાને ઉતપણ કરનાર દરદોનું ઘેરછે, તે વિષે આપણા વંદીદાદની ૧૭ મી પ્રગરદમાં જણાવેછેકે, બાલ અને નખ મધેથી દરૂજ નસશ યાને દરદ ઊતપન્ન કરનાર રોગિષ્ટ પદાર્થ, હવામાં દોરેછે, કારણકે બાલ અંદરથી પોકલછે અને તે ખરાબ પસીનાથી ભીનાઇને તેમાં મેલ જમાવ થાએછે તેથી તેમાં જોહેરી રોગનાં બીઆં જન્મ લીએછે, તેથી માંણસનાં બાલો રસ્તે રસ્તે વેરાતા નાંખવાથી તે જગાની હવામાં પેલા બાલ મધેના રોગ ફેલાએછે, તથા તે બાલો ખાવાના ખોરાકોમાં તથા પીવાનાં પાંણીમાં ઉડી પડેછે તેથી મુખાકારીને નુકસાંન પોંહોંચેછે. તેવાજ બનાવ ગલીચ માંણસોના નખોથી નીપજેછે. જેમ દોધી કુમરૂં કે સખતછે તે નખ ભોકીને તપાસી જોવામાં આવેછે, તેમ કેટલીએક ચીજોને નખ ભોકીને તપાસી જોવાની ચાલ હોવાથી, તેહેવી ચીજો વેચનારાઓની દુકાંને જાઈ કેટલાએક ગલીચ માંણસો પોતાનાં હાથના નખ ભોકીને કાંઈપણ ખાવાની ચીજને તપાસી જોએતો તેના નખની અંદરની મેલ ભરેલી રોગિષ્ટ ચીજો પેલાં ફલમાં અથવા ખાવાની વસ્તુમાં લાગુ પડેછે, તે સબબથી તે ગલીચનાં નખ ભોકેલી ચીજ કોઈ બીજું માંણસ ખાએ તો તેથી તે તંદરૂસ્તી ભરેલો માંણસ દરદી બનેછે, તેનો એક બનેલો દાખલો નીચે મુજબ છે :—

વેલાએતમાં કેટલાએક ગલીચ લોકોએ એક પાંઉવારાની દુકાંને જાઇ પાંઉ નરમછે કે કઠણ તે પોતાંના નખો ભોકીને જોએ પછી તે પાંઉ બીજા અણજાનાં સાજાં માણસોએ વેચાતાં લેઇને પોતાના ખોરાકના ઉપયોગમાં લીધાથી, પેલા ગલીચોના નખમાંનો રોગ, એક આણાની તેબલ પર જેટલાં માંણસોના ખાધામાં તે પાંઉ આવીઆં તે સઘલા નીરદોશોને લાગુ પડીઓ હતો એ બનાવની તપાસ લેતાં

માલમ પડીયું કે, પેલા ગલીચ માંણસના નખની જેહેરી અસરથી હાવો માંહો બનાવ બનીઓ હતો, વાસ્તે હાવી રીતે બાલ અને નખની જેહેરી અસરથો માંણસોની તંદરૂસ્તીમાં કેટલીએક જાતના રોગો પેદા થાએછે, તેનો અટકાવ થવા સારૂ આપણા પેગંમબર સત જરથોશ્ત સાહેબે વંદીદાદની ૧૭ મી પ્રગરદમાં ફરમાવીયું છે કે, બાલ અને નખ એ એક જેહેરી વસ્તુછે, વાસ્તે જ્યાંહાં માંણસો અથવા પસુઓનો વપરાસ નહીં હોએ, અથવા જ્યાંહાં વેહેતાં પાંણીનો ચશમો નહીં હોએ હેવી સુક્કી જગો ઉપર બાલ, નખ અને નસા ભરેલી બીજી ચીજોને લેઈ જવી. આવા છુપા ઉત્પન્ન થતા રોગોનો અટકાવ કરનારી અગતની ઘણી બાબતો હજારો વરસ ઉપર આપણા ધર્મ પુસ્તકોમાં જણાવેલી છે, તે ઉપરથી આપણાં ધર્મ પુસ્તકો મધેનાં ફરમાંનોની અતીઅંત ખુબીઓ બોલ્લા આએનાંની માંફક સાબેત થાએછે.

બાબત ૯ મી.

મુવેલી લોથને સગદીદ કરવાનાં બેદનો ખુલાસો.

કોઈ મુવેલી લોથ ઉપર અથવા દરદી માંણસોનાં બીછાંનાં ઉપર અથવા તેનાં રોગિષ્ટ કપડાં તરફ આપણે તીકી તીકીને જોવું નહીં જોઈએ, કારણકે જેમ લોહોચુંબક લોહોદાંને પોતાની તરફ ખેંચેછે, તેમ મુરદાલ રોગિષ્ટ ચીજો ઉપર નજર ખેંચવાથી તેમાંનાં રોગી ગુણો આપણી આંખની મારફતે આપણાં શરીરમાં જલદીથી ધસારો કરી દાખલ થાએછે. પ્રાંણીઓની આંખોનાં ગુણ લોહોચુંબકને મલતાછે. પ્રાંણીઓ પોતાની આંખવતે હવા મધેના સારા ઈયા નરસા ગુણો તુરત પોતાની તરફ ખેંચેછે. જેમ હવાને આપણે જોઈ શકતા નથી તેમજ હવા મધેનાં રોગિષ્ટ ચીજોનાં બીઆં આપણાં ઉપર ધસારો કરી આવતાં આપણને માલમ પડતાં નથી. આપણા ફિલમુદ્રી

ભરેલા જરથોશતી ધર્મના વંદીદાદ પુસ્તકની ૮ મી પ્રગરદમાં મુવેલી લોથને સગદીદ કરવા ફરમાવેછે તેનું કારણ એવું ધારીઆમાં આવેછે કે માંણસોની ચશમની શકિત કરતાં સગ (કુત્રાં) ની ચશમ ચાર ધણી વધારે કૌવત વાલી કેહેવાએછે.* તે સારૂ મુવેલી લોથની ઉપર સગની નજર પાડવાને સારૂ માંણસો કરતાં સગને પેહેલો આગલ રાખવામાં આવેછે, કે જેથી મુવેલી લોથપર થઈને આવતી ખરાબ હવાને તે સગ પોતાની તેજી ચશમથી પોતા તરફ ખેંચી લઈને દૂર કરી શકેછે, અને તેથી મુવેલી લોથની નજદીક હુભેલાં અથવા પેહેલાં નબલી આંખવાલાં અથવા નબલી દેહેવાલાં માંણસોની તંદરૂસ્તીમાં કોઇ રીતે ખરાબ અસર થતી અટકેછે. કોઈ દરદીનાં દીલપરની અથવા તેનાં નસા ભરેલાં રોગિષ્ટ નજીસાત લાગેલાં કપડાં ઉપર થઇને આવતી હવાની સાંમે ઉભું રેહેવાની મનાઈ આપણા ફ્રિલમુકરી ભરેલા જરથોસ્તી ધર્મની બરસનુંમ દેવાની તથા રીમન નહુવાડવાની ક્રીયામાં જણાવેલું છે. એ વિષે જુવો વંદીદાદ પ્રગરદ ૯ મી માં તમાંમ બયાંન આવેલું છે, તે ઉપરાંત એને લગતું એક અંગરેજ ડાકટરનું મત નીચે મુજબનું છે:—

"In the case of gonorrhœal on other kinds of ophthalmia, it has been frequently remarked that a visit to a ward, where a number of patients are congregated, has been followed by an attack of the

---

* જેમ માંણસોમાં વીચારવાની શકિતનું કૌવત ઈશ્વરે વધારે બખ્શીલું છે તેમ સગ (કુત્રા) ની જોવાની તથા સુંઘવાની આ બે ઇંદ્રીઓ માંણસોનાં કરતાં વધારે શકિત ધરાવેછે, જેના દાખલા આપતાં લંબાણ થાએ છે.

malady, even when every care has been taken to avoid coming in contact with the sick, or with any articles near them.

Dr. MOORE."

બાબત ૧૦ મી.

અજીથાએલી ચીજોને રદ ગણવા વિષે.

એક માંણસ યા જાંનવરને પોતાની લબ્ધ યાને જઠરસ ખાંનુ પાચન કરવાને માટે ઘણી ઉપીઓગી છે, પણ તે લબ્ધ બીજાં માંણસ અથવા જાંનવરને ઘણીજ નુકસાંનકારકછે, એવું કાબેલ વઇદોનું મતછે.

એકનાં મોહોડાંની અંદર ધાલેલાં અજીઠાં વાસન, યા છરી, કાંટા, અથવા ગલાસ યા ટમલરને જો બીજો પોતાનાં મોહોડાંમાં ધાલેતો તેથી તેની તંદરોસ્તીને નુકસાંન પોંહોંચેછે. વાસ્તે કોઈનાં મોહોડાંની અંદર ધાલેલું વાંસન અથવા ગલાસ, યા છરી, કાંટાથી કાંઈ પણ ખાવું પીવું નહીં, તેમજ કોઇનાં મોહોડાંની કરડેલી ચીજ ખાવી નહીં, તેમજ એકનાં મોહોડાંનું અજીઠીને પીધેલું પાંણી પીવું નહીં જોઇએ. જો એકનાં મોહોડાંની બોખાર યા લબ્ધ લાગેલી ચીજ જો બીજો માંણસ પોતાનાં મોહોડાંમાં ધાલે તો તે રોગ યા બોખાર તેનાં શરીરમાં લાગુ પડેછે, તેમજ મોહોડાંની લબ્ધને લાગેલા હાથ આપણાં શરીરને લગાડીએ તો તે લબ્ધની જેહેરી અસરથી આપણાં શરીરની ચાંમડી ઉપર કીર, ખુજલી, ફુલ્લા વગેરે થાએ છે, વાસતે મોહોડાંની અંદર ધાલેલા હાથ અથવા વાંસન ધોયા સીવાએ બીજી ચીજને લગાડવાની મનાઇ આપણા ફિલમુફી ભરેલા જરથોસ્તી ધર્મમાં ફરમાવીછે તેને મલતા ઘણાએક દાખલાવો વઇદક શાસ્ત્રની કેતાબોમાં તથા ચોપાંનીઆંઓમાં જણાવેલાછે, તે

સરવે ટાંકતાં લંબાણ થાએ માટે એકજ દાખલો "લેનસેટ" ઉપરથી નીચે ટાંકીએચ :—

"એક પ્લીસાબ્બનાં દરદ વાલાં માંણસે પોતાનાં મોહોડાંની લબ્બને ટાંચણી લગાડી લગાડીને બાવીસ જણાંના હાથ ઉપર કૂસનો ચીતાર પાડીઓ હુતો તેથી તે સબલા નીરદોશ માંણસોને તે ચીતારાના પ્લીશાબ્બના દરદનો રોગ મોહોડાંની અજ્ઠી લબ્બની મારકૂતે લાગુ પડીઓ હુતો, વાસ્તે રોગિષ્ટ ચીજ લાગેલા હાથનાં નબ્બને પણ અંદરથી સાફ ધોઈ નાંબવાં જોઈએછે. (જુઓ તા• ૬ થી એપરેલ ૧૮૭૮ નું લેનસેટ ચોપાંનીઉં.)"

બાબત ૧૧ મી.

હુંધાડે પગે ફરવાના અવગુણ વિષે.

હુંધાડે પગે ફરવાથી જમીનની બોબ્બાર યા સરદી પગનાં તલીઆંને રસ્તે મસ્તક પોંહાંચેછે, તેથી શરીરમાં તાપની અસર ઉત્પન્ન કરેછે અને જમીનપર બાલ, નસો અને ગલીચી પડેલી હોએછે તે આપણાં પગને લાગીને આપણી તંદરૂસ્તીમાં બીમારી પેદા કરેછે.

તેમજ જમીનપર જેહેરી કાચના કટકા, હાડકાં, માંછલીના કાંતા વગેરે પડેલા હોએછે તે આપણાં પગમાં ભોકાએ તો તેથી પગ પાકેછે અને ચાલતાં હાલતાં અટકી બેસવું પડેછે. પગમાં જોડા હોવા સીવાએ પાદીઆબ્બ કુસતી રવા ગણાતી નથી કારણકે જમીનપર દગે દગ બાલ અને ગલીચ ચીજો પડેલી હોએછે, અને તે આપણાં પગને લાગીને આપણને દરદી, રોગી, અને અપવીત્ર બનાવેછે, એ સબબથી આપણાં પગમાં પેવણ રાખીને ચાલવાનું ફરમાંન છે તે ઘણું બરહુક અને ફાયેદા ભરેલું છે.

બાબત ૧૨ મી.

રોગિષ્ટ પદાર્થને લાગેલાં માંણુસોને અડકવાથી નીપજતા ગેરફાયદા વિષે.

કોઇ નસા ભરેલી ખરાબ ચીજને લાગેલો માંણસ જો બીજાં માંણસોને અડકે તો તેથી સાજાં માંણસોની તંદરૂસ્તીમાં બિગાડો થાએછે, તે સબબથી મુવેલી લાસ ઉચકી લેઇ જનારા તથા જમીન પરની ગલીચી સાફ કરનારાં માંણસોને અથવા તેઓનાં દીલપરનાં પેહેરેલાં કપડાંને અડકવું નહીં, અને અડકીઆ હોઇએ તો વંદીદાદની ૯ મી પ્રગરદમાં જણાવેલી ક્રીયા પ્રમાણે માંથાંથી તે પગ સુધી ગાવનો નીરંગ લગાડીને નાહી તન પાક કરવું જોઇએ, તેમજ આપણને રોગિષ્ટ ચીજ લાગેલા હાથનાં આંગલાંનાં નખો સારી રીતે ધોવાં જોઇએ, અને જો એ વિષે બેદરકારીપણું વાપડીએ તો તેથી મોહોટા ગેરફાએદાઓ નીપજે છે. વેલાતમાં બનેલો એક દાખલો હમો નીચે આપીએ છઈએ :—

એક ડાકટર તથા દાઇનાં નખમાં કોઇ મુવાવરી દરદીનાં દરદની રોગિષ્ટ ચીજનો પસરાત રેહેઈ ગએલો હોવાથી તે રોગિષ્ટ ચીજની ખરાબ અસર તેઓએ પોતાનાં જે જે મુવાવરી બરકોની મુલાકાત લીધી તે સઘલાંને તે જાતનું દરદ લાગુ પડીઊં અને આઠ દીવસમાં એકસો સારી તંદરૂસ્તી વાલી મુવાવડી ઓરતોમાંની પચાસથી સાહાઠ સ્ત્રીઓ મરણ પાંમી હતી. એ બનાવની તપાસ કરતાં માલમ પડીઊં હતું કે તે સઘલીઓનાં મરણ એકજ જાતનાં દરદથી નીપજીઆં હતાં. એ રીતે તેઓનું મોહોત લાવનાર તે પેલા ડાકટર અને દાઇના નખમાંની રોગીસ ચીજ હતી.* એટલા વાસ્તે આપણા જરથોશાતી

---

* જુઓ મીદવાઈફરી યાને ઇંગ્રેજી વૈદક શાસ્ત્રનાં મુવાવર બાતાંમાં દાઇના કામને લગતી વિધાનું પુસ્તક.

NATIONAL ARCHIVES OF INDIA

ધર્મમાં રોગિષ્ટ ચીજ લાગેલા હાથ યા બદનને પ્રથમ ગાવના નીરંગથી સાફ કરવા અને પછી પાંણીથી ધોવાને ફરમાવેલું છે તે બરહક છે †

સાજાં માંણસોનો ઊપર બરાબ રોગો ચાર રીતે લાગુ પડેછે.

૧—મુવેલી લોથને અડકવાથી.

૨— જો કોઈ દરદી અથવા બરાબ રોગવાલાં આબરી માંણસો સાંજાં માંણસોની મંડલીમાં આવીને બેશે અથવા બીજાં માંણસોની ભેટ લીએ તો તેથી તેઓનું દરદ તે સાજાં માણસોને લાગુ પડેછે.

૩—હવાની મારફતે જબમને રસ્તે લાગુ પડેછે.

૪—કોઈ ઉડતા રોગનાં કપડાં અથવા રોગિષ્ટ ચીજ લાગવાથી તે જાતનું દરદ સાજાં માણસોને લાગુ પડેછે, વાસ્તે ઈંગલડનાં સેનેટરી આકટમાં ઉડતા રોગ વાલી જગોની સઘલી ચીજોને બાલીને તારાજ કરી નાખવા જણાવેલું છે. જો તાપનાં ભરેલાં માણસને હાથનું લખેલું કાગજ બીજો સાજો માંણસ લેઈને વાંચે તો તેને પણ ઘેલાની તાવ લાગુ પડેછે.

રીમની વિષે બવસ્તા—વં. પ્રગરદ ૯, ફ. ૫૩ મો.

૫૨ નૂ અફમાત હુચ બસંગહુતચ શોઈથ્રાત ચ બક્ષતત શિતમ જરથુશ્તર ઈજાચા બાજુઇતિરા ચ ૫૨ દશ્વરેચ બએશજેમચ

† જુઓ વંદીદાદની ૯ મી પ્રગરદ મથેની રી ત નહુવાડવાની તથા બ્રસ્નુંમ દેવાની બીનાં.

પર ફ્રદથેમ, ચ વરેદથેમ, ચ વક્ષથેમ, ચ પર યવનાંમ, ચ વાસ્ત્ર-
નાંમ, ચ ઉરૂથેમ.

અર્થ.

એા શપીતમાંન જરથોસ્ત તે અપવીત્ર માંણસ આંએ જગા અને શેહેરમાં શીરીની અને મીથારા મુખ અને તંદરૂસ્તી, વરધી અને આબાદી અને ઝાહાડપાંણ અને અનાજની વૃધીના નાશ કરેછે.

બાબત ૧૩ મી.

દસતાંનનાં કપડાં દુર રાખવા વિષે.

મુવાવડી યા દસતાંનવાલી ઓરત પવીત્ર ચીજોને તથા ઝાડ-પાંણને અડકે તો તેથી ઘણીએક જાતના ગેરફાએદા નીપજે. દસતાંન વાલી ઓરતે સધલી ચીજો જેવીકે આતશ, પાંણી, બરસમ તથા ઝાડ-પાંણથી દુર રેહેવું જોઇએછે. જે ઝાડને તે અડકે તે ઝાડને ફુલફુલ ઉગે નહીં, અને જો ઉગે તો તેમાં કસો કસ રેહે નહીં, એવું ઓલમાઓ લખી ગયાછે. દસતાંનનું કપડું કુવા તલાવનાં પાંણીમાં બોરીને ધોવાથી તે પાંણી જો માંણસોનાં અથવા હરેક જાનવરનાં વપરાસમાં આવે તો તેથી તંદરૂસ્તીને નુકસાંન થાયછે. જો દસતાંન વાલી ઓરત પોતાંનો ખોરાક ચમચાએ ખાવાને બદલે પોતાનાં ખોલ્લા હાથથી ખાએ તો તે ખોરાક રોગિષ્ટ અને સવાદ વગરનો બની જાએછે, અને તેથી તે ઓરતની તંદરૂસ્તીમાં બિગાડો થાએછે. દસતાંન એ એક રોગિષ્ટ પદાર્થછે તે સબબથી દસતાંન વાલી ઓરતને વંદીદાદની ૧૬ મી પ્રગરદનાં ફરમાંન પરમાંણે ઘરબાર અને સંસારનાં કામથી દુર રાખવામાં આવેછે, અને ઠેાઈપણ ચીજોને અડકવાની તેઓને સખ્ત મનાઈ કરેલીછે, અને દસતાંન વાલી ઓરતનાં પેહેરેલાં કપડાંને પણ ધોબીને, ધોવા આપવાની મનાઈ કરેલીછે, કારણકે તે રોગી કપડાં મધેની ખરાબ

NATIONAL ARCHIVES OF INDIA

અસર બીજાં સોજાં કપડાંમાં દાખલ થાએછે, અને તે કપડાં પેહેરનારાં માણસોની તંદરૂસ્તીને તેથી નુકસાંન પોંહોંચેછે. વલી દસતાંનનું કપડું નાહાના બાલકના દીલને લાગાથી તેને રતવા અને કોહોવાત થાએછે, વાસ્તે આપણા ફિલસુફી ભરેલાં વંદીદાદ પુસ્તકમાં દસ્તાંન વાલી ઓરતનાં રોગી ગુણ ભરેલાં કપડાં કોઇબીરીતના વપડાસમાં લાવવાની સખ્ત મનાઈ ફરમાવીછે, અને એ વિષે હાલનાં જમાંનાનાં ઘણાએક કાબેલ તબીબોનાંબી હેવાંજ મતો નીચે મુજબ છે :—

સુવાવડીનાં અથવા દસ્તાંનનાં ખરાબ કપડાં કોઇ રીતે ઉપીયોગમાં લાવીઆથી બીજાંની તંદરૂસ્તીને નુકસાંન પોંહોંચેછે, કારણ કે, "પીયેાર ફીવર," એક જાતની તાવ ઘણું કરીને સુવાવડીઓને લાગુ પડેછે, વાસ્તે જે એક સુવાવડીને અડકીને કોઇ દાઈ અથવા ડાકટર કોઇ બીજી સાજી સુવાવડીને અડકેતો તેને પણ તે ઉડતી તાપ લાગુ પડેછે. ડા૦ હી. એ. નું મત.

"રોગિષ્ટ હવા લાગેલાં કપડાં દુર રાખવા વિષ. યુરોપના ડાકટરોનું મત.

ઇંગલાંડના સેનીટરી ઓફીસરો જણાવેછે કે, લશકરી સીપાઈઓનાં કપડાં પણ બાહારના કંટરાકટરોને સીવવા આપવાં નહીં કારણકે, જેને ત્યાંહાં તે કપડાં સીવવા આપીઆં હોએ તે દરજીઓનાં ઘરમાં કોઈ આજારી હોએ તો તેના રોગની ખરાબ હવા તેમાં દાખલ થવાથી લશકરી માંણસો જેટલા સતરૂના હાથે મરતાં નથી તેટલાં, તે કપડાંમાં દાખલ થાએલી ખરાબ હવાના ગુણથી મરણ પાંમેછે, વાસતે લશકરી કપડાં સરકારી ફેકટરીમાંજ સીવાડવાં જોઇએ છે."

"રોગિષ્ટ હુવા લાગેલાં કપડાં બીજાં સોજાં કપડા સાથે ધોવા આપવાની મનાઇ વિષે.

એક "તાઇફૂસ ફીવર" વાલા દરદી માંણસનાં કપડાં એક ધોબીને ધોવાં આપીઆં અને તે ધોબીએ તેનાં બીજાં ઘરાકોનાં સોહોજાં કપડાંઓ સાથે ભેલીને ધોઆં તેથી તેની ખરાબ અસર થેલાં સોહોજાં કપડાંમાં લાગુ પડવાથી તે કપડાં જેહેના થેહેરીઆમાં આવીઆં તે લોકને "તાઇફૂસ ફીવર" ની અસર થાઇ તેથી તેમને હાસપીતાલમાં લેઇ ગીઆ તેમાંના કેટલાંએક જણ મરણ પામીઆં હતાં. જુઓ તા૦ ૧૬ મી ફેબ્રવારી ૧૮૯૮ નું "લેનસેટ ચોપાનીઉં."

દરતાંનનાં કપડાં વિષે અવરતા—વ. પ્ર. ૫, ફ. ૫૭ મો.

દાતરે ગએથનાંમ અસ્ત્વઇતિનાંમ અશાઉમ કત તા વશ્ત હાંમ યુત પસ્ચ યોજદાઇતિ ફ્રસ્નાઇતિ જેગ્રે વા હાવનાંને વા..... આઅત ગ્રોત અહુરો મજદાઉ નોઇતિ તા વશ્ત હાંમ યુત પસ્ચ યોજદાઇતિ ફ્રશ્નાઇતિ જેગ્રે નોઇત હાવનાંને.....

અર્થ.

હાડમંદ દુનીઆંઓનાં યેદા કરનાર અશો હોરમજદ, દસ્તાંન વાલી ઓરતનાં કપડાં ધોવા અને પવીત્ર કરવા પછી જેતી, હાવનાંન .....ઇત્યાદીનાં વાપરવામાં લાવે કે નહીં, ત્યારે જવાબ દીધો હોરમજદે કે દસ્તાંન વાલી ઓરતનાં કપડાં ધોયા અને પવીત્ર કીધા પછી જેતી હાવનાંન ઇત્યાદી કોઇથી વપરાએ નહીં.

બાબત ૧૪ મી.

જરથોસ્તી ધર્મ ક્રીયામાં વપડાતી કેટલીએક વનસપતીનાં ગુણોની ખુબીનો ખુલાસો.

જરથોસ્તી ધર્મ ક્રીયાઓમાં ઇનસાંનોની તંદરૂસ્તીનો વધારો

થવા સારૂ અને કેટલીએક જાતનાં દરદોનો નાશ કરવા સારૂ કેટલીએક જાતની વનસપતીઓનો વપરાસ આપણી ધર્મ ક્રીયાઓમાં જોવામાં આવેછે, જેઓને અજમાયેશથી તપાસી જોતાં તે ઘણી રીતે ઊપીયોગી માલમ પડેછે. "હોમ" નામની વનસપતીછે જેને હીંદુઓ "સોમ" ને નામે ઓલખેછે. બાલકને જનમતાંનેવાર ગોરનું પાંણી પાવામાં આવેછે તેને બદલે જો આ "હોમ" વનસપતીનો રસ પાયો હોએ તો તેથી તે બાલકને આમુદગી મલેછે, અને આગલા જમાંનાનાં ઈરાનીઓ એ મુજબ પોતાનાં જનમતાં બાલકોને હોમનું પાંણી પાતા હતા. હોમ વનસપતીમાં એક સેહેજ ખુશ કેફ્નો ગુણ જણાએછે. હોમનો રસ પીધાથી મન શકિતમાં વધારો થાએછે, અને વલી દુધીઆ કરમનો ઊપદ્રવ તથા ગહનકી તે બચ્ચાનાં પેટમાં થાતી નથી, અને આગલ જતાં તે બાલક સદગુણી નીકલેછે. હોમ રસ પીધાથી શરીર મધેના ખરાબ ગુણો નાસ પાંમેછે. ક્રીયાથી કુટેલો હોમ રસ દુધમાં પીધાથી ઘણો ગુણગારોછે. હોમ પાએલાં બચ્ચાંને પરજાતની આયાનું દુધ પાવું નહીં જોઇએ, કારણકે, તેનામાં નસા ભરેલા ગુણો હોએછે તેથી તે બચ્ચું કમઅસીલ અને પાજી સ્વભાવનું આગલ ચાલતાં થાએછે. આપણા લોકોમાં મરણની ઘડીએ ક્રીયાથી તઇઆર કીધેલો હોમ રસ પાવાનો ચાલછે તેનો મુખીઅ સબબ એછે કે તેની મુએલી લોહમાં જલદી ગહણકી ઊત્પન્ન થાએ નહીં તથા તે મરનારનાં મગજને મરતી વેલાએ શાંનતી મલે. સરદીનાં મગજવાલાં માણસને હોમ ઘણો ઊપીયોગીછે. આ હોમ વનસપતીને કાંઇએક મલતા ગુણો ઊંચી જાતની બીજી વનસપતીઓમાં પણ જણાએછે, પણ ખરી હોમ વનસપતીના જેટલું તેજી કઊવત તેઓમાં હોતું નથી. હાલમાં "હોમ" કરમાએલી દાંખલીની, તથા માવાદાર પીલાસવાલી પંજાદાર દાંખલીની એવી

બે જાતની ઈરાણ તરફથી આવેછે. પણ મોવાદાર દાંખલીઓમાંજ ખુબીભરેલા ગુણો હોએછે, તે જાહાજી અતરે આવતી નથી. ઈજીપ્તની ગાહની ક્રીયામાં હોમ સલીના ઊપીયોગ કરવામાં આવેછે. અવસ્તામાં જણાવેલી સરેદ ગોકર્ણ નામની બીજી વનસપતી સ્ત્રીઓને ઘણી ઊપીયોગીછે. જરથોસ્તી ધર્મ ક્રીયાના વપરાસમાં આવનારી વનસપતીઓનો ખુબી ભરેલો ખુલાસો બીજી ચોપડીનાં ભાગોમાં પરતાવી બતાવવામાં આવશે.—હોમની ખુબી વિષે ૪. હા. ૧૦ મંધેના

અવસ્તા—નેતેમચીદ હોમ સતુતિશ નેતેમચેદ હોમખરેતેશ હુંજધરગુણીઆએ અસતે દેઊઅનાંમ નસ્યેંતિ.

અર્થ—ક્રીયાથી ઇંજેલો હોમ જરાબી પીધાથી તંદરૂસ્તીને હજાર ઘણો ફાએદો પોંહોંચેછે, અને શરીર મધેના સઘલી જાતનાં દરદો નાશ પામેછે. (કારણકે હોમ વણસપતી એ શરીરમાં લોહી વધારનારી કીંમતી દવાછે, પણ તે કેહેવી હોવી જોઇએ, અને ખોરાકમાં કેટલી લેવી જોઇએ તે વિષે જાણવું જોઇએછે.)

બાબત ૬૫ મી.

ગાવના નેરંગના ગુણો તથા ફાએદા વિષે ખુલાસો.

રાતના સુઈ ઊઠીઆ પછી ગાવનો નેરંગ શરીરના ઓલ્લા ભાગો ઊપર લગાડવાની જરૂરછે. જે વેલાએ આપણ હુંગમાં પડીઆ હોઈએચ ત્યારે મચ્છર, માકર, ચાંચર, આપણી ચામડીપર દંખ મારીને પોતાની જેહેરી લખ આપણાં શરીરને લગાડેછે. તે લખથી થાતી ખરાબ અસર ગાવનો નેરંગ લગાડીઆથી દુર થાઈ શકેછે, વાસતે જ્યારે નાહીએ ત્યારે નેરંગ લગાડીને પછી નાહાવું જોઇએ, તેમજ કાંઇપણ રોગિષ્ટ નસાવાલી ચીજ અથવા રસી ભરેલો પદાર્થ આપણા શરીરને લાગે ત્યારે પણ ગાવના નેરંગથી

NATIONAL ARCHIVES OF INDIA

પોતાના તંનને સાફ કરીને પછી પાંણીથી નાહાવું જોઇએ, પણ જો એ બાબદ ઊપર આપણે ધીઆંન નહીં આપીએ તો જે રોગિષ્ટ ગુણો ઊપલા જેહેરી પદાર્થોમાં સમાયલા હોય તે આપણાં શરીરમાં જલદી દાખલ થાઈ આપણી તબીએતનો બીગારો કરેછે. એટલુંજ નહીં પણ જો આપણા શરીર ઊપરથી રોગિષ્ટ ચીજોને સફા કીધા વગર જો આપણે બીજાનાં શરીરને હાથ લગાડીએતો તેથી તે બીચારો નીરદોષ બાપડો તે દરદનો ભોગ થઈ પડેછે

ગાવના નીરંગની ખુબીવાલું કાંમ સાબુથી અસરકારક રીતે બની શકતું નથી. સાબુને પાંણી લાગેલું હોવાથી તે રોગષ્ટિ ચીજનો પસરાત ઓરબી આપણી ચામરીના સૂક્ષ્મ ની અંદર વધારે પેવસ થાએછે. પણ ગાવના નીરંગની ખુબીથી તે રોગિષ્ટ પદાર્થ જલદી બાહાર ખેંચાઈ આવીને તેની જેહેરી અસરને આ નીરંગ બાલી નાંખેછે. હરસના મસા ઊપર એક જાતની વણસપતીની રાખ સાથે ભેલીને ગાવનો નીરંગ તે મસા ઊપર લગાડીઓ હોએતો તે હરસના મસા ચીમરાઈને નબલા થાઈ જાએછે તથા સબલી કીર મરેછે.

ગાવના નીરંગની ખુબીથી શરીર ઊપરનાં સબલા રોગો નાશ પાંમેછે તે સારૂજ આપણામાં નવ રાતનું બરશાનું ભ લેતી વેલાએ રાત દાહાડો ગાવનો નીરંગ આખા શરીરે લગાડવામાં આવેછે, જેથી શરીરપરના સબલા રોગ નાશ પાંમી તન પાક થાએછે, વાસ્તે સર્વે જરથોસ્તીઓને ફરજછે કે પોતાના બાલકોને નવ રાતનું બરશાનું ભ આપવું, કારણકે, બાલકોને તેમના માંબાપની દોલતનો વારસો મલવા આગમચ તેઓના તંનના રોગનો વારસો પેહેલો મલેલો હોએછે, તે આ ફિલસુફી ભરેલી બરશાનું ભવાલી નીરંગ ક્રીયાની ખુબીથી તે બાલકોનાં શરીર ઊપરના તથા તંન મધેના છુપા રોગો દરે થાએછે. આપણા શરીરને કાંઇ પણ રસી ભરેલો રોગિષ્ટ પદાર્થ લાગીઓ હોએ

અથવા કુતરાંની અથવા કોઈપણ દંખીલ જાનવરોની જેહેરી લાળ આપણા શરીરને લાગે ત્યારે તે ભાગ ઊપર તુરત ગાવનો નીરંગ લગાડવો અને તે નીરંગ સુકાયા પછી પાછું પાંણીથી તે ધોવું જોઇએ. ગાવનો નીરંગ બનતાં સુધી મુરદાલ અથવા આળસરી ગાંએ બેલના વપરાસમાં નહીં લેવો જોઇએ, કારણકે તેમાં રોગી ગુણો હોવાથી તેમાં થોડા વખતમાં ખરાબ વાસ ઊત્પન્ન થાએછે, અને ફાએદાને બદલે કેટલીએક વેલાએ ઓર ગેરફાએદા નીપજેછે.

જે ગાએ બેલો રાત દાહારો ખેતીમાં ચરનારાં અને જંગલની જરી બુતી અને વનસ્પતીનો પાલો ખાનારાં હોએ તે ગાયો બેલોનો નીરંગ ઘણો ગુણકારક હોએછે અને તે નીરંગથી સરીર મધેના જેહેરી કીરવાલા રોગો જલદી નાસા પાંમેછે. જરીબુતીનો પાલો તે જાનવરોના ખાધામાં આવ્યો હોય તેના રસકસના ગુણો તેઓનાં નોરંગમાં મિશ્ર થાએલા હોએછે.

ગાવનો નીરંગ લેવાનો રવઈઓ સર્વેથી પેહેલો પાદશાહ તેહેમુરસ્પે સોધી કાહાડીઓ હતો. એ પાદશાહને મોહોટા મોહોટા રાખક્ષી બજદાઓને અને સર્પોને મારવારનો ઘણો શોખ હતો. એક દીવસ મોહોટા બજદાને મારવાથી તેનું જેહેરી લોહી એ પાદશાહના દીલ ઊપર લાગાથી તેનાં આખાં સરીરમાં જેહેરી બગનવાલી કીર ઊત્પન્ન થાઇ હતી જે કોઈ રીતના ઇલાજોથી સારી નહીં થઇ તેથી તે ઘણો હેરાંન થતો હતો. એક દીને તે એક જંગલની ટેકરી ઊપર જઈ લાગો ત્યાં તેને ઠંડી હવા મલવાથી જરા નીંદ આવી, એટલામાં તે જગોએ એક ગાય આવીને મુતરી અને તેના નીરંગના છાંતા તે પાદશાહના શરીરના ભાગની એક બાજુએ લાગીબાથી તે જગોની કીર અને વવ નરમ પડવા લાગી. થોડા વારમાં તે જાગી ઊઠીઓ અને આ બનાવ જોઇ તે વીચારવા

લાગેા કે આ જગેાએ એકાએક પાંણી કાંહુંથી આવી લાગું કે જે પાંણીથી તેના શરીરને આરામ થતેા જણાતેા હતેા. સેાધ કરતાં તે જગેાએ તેને એક ગાય નજરે પડી, તેથી તેણે જાણીઊં કે આ કાંઈ પાંણી નથી પણ તે પેલી ગાવનેા નીરંગછે કે જે માંણસેાનાં શરીર ઉપરની રેાગિષ્ટ ચીજેાનેા નાશ કરનારી એક અકસીર દવા તરીકે પેદા કરનાર ઇશ્વરે આ ભલાં ગેાસપંદેામાં મુકેલીછે. ખેતરેા અને જંગલેામાં ચરનારાં ગાએ ઢારેા જરીબુટીની વણસમીના પાલેા ખાએછે, તેથી તેઓના નીરંગમાં ઘણા સારા ફાએદાકારક ગુણેા હેાએછે. ઈનસાંનેાનાં શરીર ઉપરના જેહેરી કીરના રેાગેાનેા નાશ ગાવના નીરંગથી થાએછે, અને એવાંજ સફાઈદાર રીતે ચરેલાં ગાએ ઘેારેાના નીરંગમાં ઉપલા સારા ગુણેા હેાએછે. દરદીઓના ઓરડામાંની તથા બીજી નજીસાત ભરેલી જગેાની ખરાબ થએલી જેહેરી હવા નીરંગ છાંતવાથી સાફ થાએછે, અને જે કાંમ હાલના જમાનામાં કારબેાલીક એસીડ તથા ફુર કરનારી ભુકી કરેછે તે કાંમ જમાંનાનાં જમાંના થાએઆ નીરંગથી આપણા વડવાઓ કરતા આવીઆછે. રસાએણ શાસ્ત્રીઓનાં અખતરાઓથી સાબેત થયુંછે કે નીરંગમાં કેટલાએક ગુણગારા ખારેા તથા ગ્યાસેા ઘટતા પરમાંણમાં ખુદરતથી મેલવેલાછે, જેની અસરથી ઉપર જણાવેલાં સારાં પરીણાંમેા નીપજેછે.

નેરંગ વિષે અવસ્તા—વ. પ્ર. ૧૯, ફ. ૨૦-૨૧ મેા.

યેરેસત જરથુશ્રાે અહુરેમ મજદાંમ વીસ્પેા વીદવાઉ અહુર-મજદ અખ્ખનેા અહિ અબંગેા તૂમ યેા અહુરેા મજદાઉ વેાહુમનેા હાંમરેથ્વયેઇતિ વેાહુમનેા પઇતિ-રએથ્વયેઇતિ હુચ અવંગાત તન્વત યત દએવેા-જતયાત દએવ હાંમરએથ્વયેઇતિ ઝવત વેાહુમનેા યેાંજદાતેા

આઅત ન્રોત અહુરો મજદાઉ ગએમેજેમ અયસોઇશ જરથુ-
શ્તર ગામ પઇરિ ઉક્ષાનેમ બિષ્પેરેમ દાઇતેકેરેતેમ યોજદાત ક્રુખ-
રોઇશ જાંમ પઇતી અહુર દાતાંમ.

અર્થ.

જરથોસ્તે હોરમજદને પુછીઉંકે, ઓ તમાંમ જાણનાર હોરમજદ
તું વગર ઉંઘનેા તથા જાગરૂતછે. આએ તંન કે જે દેવથી ખરાબ
થએલુંછે (એટલે મરી ગીઆ પછી તેની ઉપર કાવાત લાગુ પડેઆછે)
તે બદનને કોઇ સખશ પેાતે અડકે, અને અડકીને બીજાને અડકે
(એટલે પેાતેબી ખરાબ થાએ અને બીજાનેબી કરે તેા) તેવેા
માંણસ પાક થાએ કે નહીં ?

ત્યારે હોરમજદે જવાબ દીધેકે ઓ સ્પેતમાંન જરથોસ્ત તું ને
નરંગ સોધવેા જોયે, કે જે નરંગ ખશી કીધા વગરનાં ગોધાનેા,
કે જેને દીનની ક્રીઆ પ્રમાંણે તૈયાર કીધેલેા હોએ, તે નરંગ વટે
હોરમજદની પેદા કીધેલી જમીન ઉપર તુંએ પવીત્રાઇ આપવી જોયે.

બાબત ૧૬ મી.

પાદીઆબ, કુસ્તી કરવાની ખુબી વિષે.

આપણને દર વખતે પાદીઆબ કરવી જોઇએછે. આપણાં
શરીરના જે હુંધાડા પાંચ ભાગેા, જેવાકે મેાહેાડું, બે હાથ, અને
બે પગેા, જે દર વખતે પાંણીથી ધેાઇને સાફ કીધામાં આવેછે, તેને
પાદીઆબ કરી કેહે છે. પાદીઆબ તથા કુસ્તી દાહાડામાં વારંવાર
કરવાની આગતછે. હર વખતે આવસતા પડતી વેલાએ તથા દુરએક
ગેહેમાં બંદગી કરવાની આગમચ, અથવા બાજ ધરીને ભોજન જમવાની

NATIONAL ARCHIVES OF INDIA

આગમચ, તથા કોઈ દુરવંદને અડકવા પછી તથા દસતાંનવાલી ઓરત ઉપર નજર પડવા પછી, તથા હીલતો નસો નજરે જોવા પછી, તથા પીસાબ કરી બાજ મેલવા પછી, અથવા કોઈપણ ખરાબ વાસવાલી જગામાંથી બાહાર આવીઆ પછી તુરત પાદીઆબ કરી પોતાનાં તંનને અસોઈ ભરેલું રાખવા વિષે આપણાં ફિલસુફી ધર્મમાં તાકીદ ફરમાવેલીછે, કારણ કે અશેમ યાને અસોઈ, પવીત્રાઈ, એ આપણી તંદરૂસતીના વેહેતો જહેરો અને જીવને ગતિ આપનારી જોતછે, અને આપણાં શરીરની તંદરૂસતી વધારવાની દવા જેછે, તે અસોઇ અને સફાઈછે. વારંવાર મોહોડું ધોવાથી આપણી બેહુ આંખોનું તેજ વધેછે, મોહોડું સફાઈ ભરેલું રહેછે, મસ્તકની મન શકિતમાં વધારો થાએછે, અને આંખની ગરમી ધોવાએછે. આપણાં શરીરને કોઈપણ રીતની નજીસાત લાગેલી હોય તે તુરત ધોઈ પાદીઆબ કરી બદનને સાફ રાખવાથી આપણું શરીર નીરોગી રહેછે; તેથી શરીરમાનું લોહી સ્વચ્છ રહેછે, અને કોવતમાં વધારો થાએછે. જો આપણે ખરાબ હવાવાલી જગોમાંથી બાહાર આવીઆ પછી પાદીઆબ કરીને આપણાં શરીરનાં હુંધાડા ભાગોને તુરત સાફ નહીં કરીએતો તે ખરાબ હવા મધેના નુકસાંનકારક રેાગિષ્ટ પદાર્થો આપણી તંદરૂસતીમાં બીમારી પેદા કરેછે, અને જેમ ઝાડની અંદર એક સરો લાગુ પડવાથી તેનાં બધાં ફુલોમાં સરો ઉત્પન્ન થાએછે, તેજ મિસાલે આપણાં શરીરની અવસ્થા થાએછે, વાસ્તે આપણાં શરીરને તેમજ આપણાં રેહેથાંણ યા ઘરની આસપાસની જગોને, તેમજ સર્વે ચીજોને સફાઇ ભરેલી રાખવા વિષે આપણાં ધર્મ પુસ્તકોમાં ઘણી તાકીદ ફરમાવીછે.—જુઓ ઇજશાનીના હા. ૭, ૮, ૨૦, મધેની ખુબી તથા ડાકટર કનિગહામનું આરોગ્ય વિદ્યાના વીષય ઉપર બનાવેલું ચોપાંનીયું.

NATIONAL ARCHIVES OF INDIA

બાબત ૧૭ મી.

નવજોત યાને સુદરેહ પેહેરાવવાની ક્રીયાની ખુબીનો ખુલાશો.

જરથોસ્તી ધર્મની પેહેલી પદવીની ક્રીયાને નવજોત યાને નવી ચીરાગ કરી કહેછે. આ ક્રીયાની સરૂઆતમાં સુદરેહ (યાને સુભ માર્ગ ઊપર ચાલવાની મજદીયસ્નાની સીક્કાની ઇધાંણી તરીકે સફેદ પવીત્ર પેહેરણ) જરથોસ્તી ધર્મના પવીત્ર કાયેદા ઊપર ચાલવાની આએશ કરનાર ઊમરે પુગેલા બાલકને પ્રથમમાં તેહેને નાંહાંન નહવાડી તેહેનું તંન પાક કીધા પછી તેના હાથમાં આપીઆમાં આવેછે, અને તેની હયાતીની છેલ્લી ઘડી સુધી અસોઈ અને સચ્ચાઈના પાયા ઊપર કારોબાર ચલાવવાની કબુલાત વિષે, તથા એક ખોદાને માનવા વિષે, મજદીયસ્નાની જરથોસ્તી દીનના કલામનો કાયદો કેહી સંભલાવવામાં આવેછે, અને તે પછી હોનવરી અવસતા કલામોથી દુવા ગાઈ સુદરેહનો પવીત્ર પોશાક તે બાલકને પેહેરાવીઆમાં આવેછે.*—(જુઓ કલામએ દીન).

સુદરેહ સફેદ કપડાંનો પેહેરવાની મુરાદ એછે કે, જેહેવું રૂનું સફેદ કપડું સાફ અને પાકછે, તેજ મુજબ સુદરેહ પેહેરનારને પોતાનાં તંન મનને ખાલેશ પાક અને સફાઇ ભરેલું રાખવા ફરમાવેછે.

---

*કલામએ દીન———રજિશતયાઉ ચિશતયાઉ મજદ ડાતયાઉ અષાઉનયાઉ દએનયાઉ વંધહુયાઉ માજદયસનોઇરા દીન બેહ રાસ્ત વ દરૂસત કે ખુદાએ બર ખલક ફરેસતાદહે ઈન હસત કે જરથુસ્ત પયેમબર આવોરદે હસત દીને અહુરમજદ દાદહે જરથુસ્ત સપિતમાન અષાઉનઇ અષેમ વોહુ (૧).

NATIONAL ARCHIVES OF INDIA

ખરાબ હવા મધેના દુરગુણી પદાર્થોનાં જેહેરી બીઆં સફેદ કપડાં ઊપર ધસારો કરી શકતાં નથી. કાલું કપડું સરદ તથા ગરમ હવાને અને રોગિષ્ટ ચીજોને પોતામાં સોસી લીએછે, પણ તેથી ઊલટું સફેદ સોજ્જું કપડું તેવી ચીજોથી આપણાં શરીરના બંચાવ કરેછે. વલી સફેદ કપડું પેહેરેલું હોએતો સૂર્યના તાપથી આપણા શરીરનો બંચાવ થાએછે, અને એવાજ કારણસર આપણા પેગંમબર શત જરથોસ્ત શાહેબે આપણને માથાંથી તે પગ સુધીના સફેદ પોશાક પેહેરવા ફરમાવેલુંછે, જેહને મલતો દાખલો મોબેદ લોકોનો પોશાક પેહેરેલો જુવો. સૂર્યના તાપથી બંચાવ કરવા સારૂ અતરેના ઈરિપીઅન મુસાફરો છત્રી ઊપર તથા પોતાની ટોપી ઊપર સફેદ કપડાંનું ઢાંકણ કરેછે, તથા બુટ પણ સફેદ રંગનાં પેહેરેછે, તે ઊપરથી આપણાં ધર્મ મધેના ઊપલાં ફરમાંનની ફિલસુફીની સાબેતી મલેછે.

સુદરેહનું પાક પેહેરન સાત સાંધાથી જોડીને બનાવીઆમાં આવેછે, તેહની હેવી મુરાદ છેકે સુદરેહ પેહેરનાર સાતે અમેશાસ-પંદોની મીસાલે પોતાના બેસાવંદો અને હમદીન ભાઈઓ સાથે હમેશાં જોડાએલો રહીને નેક નજરથી, નેક વીચારથી, અને એક સંપથી મલીને નેકીના વધારો થાએ એવાં કામો કરવા માટે અને મજદીયશની જરથોસ્તી દીનનો ફેલાવો કરવામાં ઈંતેજારી રાખે.

આ સુદરેહના પાક પેહેરનનું ગરેબાંન મધોમધ છાતીની ઊપર રાખવામાં આવેછે તેહેની મુરાદ એછે કે, સુદરેહ પેહેરનાર આ માજદીયશની જરથોસ્તી દીનના સીક્કાને પોતાના જાંન કરતાં વધારે પીઆરો ગણી પોતાની છાતીની ગોડમાં રાખેછે. ગરેબાંન (એટલે ગેરકાયદે ચાલવાથી અટકાવ કરનારી મજદીયશની સીક્કાની એક ઈધાંની) જેમ સુદરેહ બાહારથી તંન પાક રાખવાની ઈધાંની

બતલાવેછે, તેમ ગેરેબાંનની કાઠલી અંદરથી મન પાક રાખવાની ઈધાંની દેખાડેછે. ગેરેબાંન જમના હાથ ઊપર મુકવામાં આવેછે તેનો સબબ એકે, તે સીધે રસ્તે અને ખરે માર્ગે ચાલવાનું બતાવેછે.

મુદરેહનું કપડું કપાસના ઝાડનાં પવીત્ર ફુલ મધેના રૂનાં કપડાંનું બનાવવામાં આવેછે, કારણ કે, આ કપાસનું ફુલ ગોલાબ, મોગરાં, તથા બીજી સર્વે જાતના ફુલોની અંદર વધારે સરસાઇ પણું ધરાવેછે, અને આ દુનિયાનાં સર્વે લોકોને તેહેના મોહોટા બબ પડેછે. વલી આ કપાસનાં ઝાડની સંધલી ચીજો ઘણી ગુણ કારી અને દવાનાં કામને ઘણી ઊપીયોગી હોએછે. રૂના ઝાડનાં પાંદડાં કમલાના મરજ ઊપર દવા તરીકે કામમાં આવેછે, અને કપાસનાં બીઆં ગાએ ઢોરને મોહોટી કવતી આપનારો ખોરાક તરીકે ઊપીયોગમાં આવેછે. કપાસ બાધેલાં ગોસપંન્દનું દુધ નબલાં અસકત માણસને વાસ્તે સર્વેથી સરસ દવાછે, અને રૂનું બનાવેલું કપડું રેસમી અને બીજી જાતનાં કપડાંઓ કરતાં ઘણું પવીત્ર હોએછે, અને વલી ઘણી સસતી કીંમતે મલી આવેછે.

બાબત ૧૮ મી.

કુસ્તી કમર ઊપર બાંધવાના ભેદો વિષે.

કુસ્તીને અવસ્તામાં એવીયાનગંન કરી કહેછે. "એવીયાનગંન" એટલે ભલી રાહા બતાવનારી મજદીયશની સીક્કાની ઈધાનીછે.

કુસ્તી અંદરથી પોલ હોવાની મુરાદ એછે કે, તે આકાશ અને જમીન વચેના અંતરની વેગલાઈની અંદરની ભલી ચીજો ઊપર નેક મુમાર કરવાને જણાવેછે, અને જેમ રોશન આફતાબ, માહતાબ તથા સેતારાઓ, આકાશ અને જમીન વચ્ચેના અંતરને અજવાલું આપીને આ પૃથ્વીપરની સધલી ચીજોને પવીત્ર અને

રોશન બનાવેછે, તેમ આપણાં અંતકર્ણને નુંરી કરણીનું અજવાલું આપીને આપણાં તંન મંનને ખાલેશ પાક રાખવા જણાવેછે.

કુસ્તીને (૭૨) બોંહોંતેર તરાગ હોવાની મુરાદ એછે કે, બોદાની બોંહોંતેર નુંરી શકિતઓ માંણસોને તેમની રોજી તથા બોરાક બોંહોંચતો કરવાની મેહેનતમાં રાત દાહારો મશગુલછે, તેમની ખુબી વખાંણવા સારૂ આ ૭૨ તરાગનો બનાવેલો બંદગીનો કમરબંધછે. કુસ્તીના ત્રણ આંતા કમર ઊપર બાંધવાની મુરાદ એછે કે, હુમત, હુખ્ત, હુઅરસત, એટલે, નેક વીચારવા, સાચ્ચું બોલવા, અને નેકીના કાંમો કરવા ઊપર મશગુલ રેહેવા સારૂ કુસ્તીનો કમરબંધ બાધેછે.

કુસ્તી મેંહેંદાનાં ઊનની બનાવવાની મુરાદ એછે કે, જેમ મેંહેંદું ગરીબ ભલું અને અસોછે, તેમ તેનું ઊન પણ સફેદ પવીત્ર છે. ઊનનો પોશાક સરદીને મારેછે અને બદનમાં ગરમીને વધારેછે. ઉનથી બનાવેલી સીયાલો માંણસોને માંન સરપાવ* આપવા માટે કાંમે લાગેછે.

કુસ્તી વનીઆ પછી ઊઠલાવવાની મુરાદ એછે કે, જમાંનાનાં ચક્કરમાં સઘલી ચીજો સદા ઉઠલપાઠલ થાએછે. પાદશાહોઓની પાદશાહી સદા કાએમ રેહેતી નથી, તેમ આદમીની દોલતબી સદા બરકરાર રેહેતી નથી. કુરતો આસમાંન કોઈ ચીજને પાએદાર રાખતો નથી, વાસ્તે આપણી પાસેની કોઇબી ચીજ સદા કાએમ રેહેવાનીછે એવો ભરૂસો રાખવો નહીં, તે વિષે આગમચથી આપણને સુચવેછે.

કુસ્તીના બે લરની મુરાદ એછે કે, તે ગરમી અને થંડીની રૂત "જમેસ્તાંન તથા હામીનના" બે વખતો દેખાડેછે* અને તેને છેડે (૬) છ લરી તે છ ગહંમબારી ફસલોની ખુબી વિષે જણાવે છે.

*જમેસ્તાંન એટલે સરદ રૂતુ, અને હામીન એટલે ગરમીની રૂતુ.

કુસ્તી બાંધતી વખતે નુરી ચીજો સંનમુખ ઊભા રેહેવાની મુરાદ એછે કે, કુસ્તી બાંધનાર પોતાથી બનેલા ગુનાહનો પશ્ચાતાપ કરી ફરીથી તેવી રીતનો ગુનાહ તેનાથી નહીં થાએ તે વિષે કબુલાતનો એકરાર અહુરમજદના પેદા કરેલા પવીત્ર રોશન નુરની સનમુખ ઊભો રહીને કરેછે, અને તે તેજી નુરથી પોતાનાં તંનમનને અસોઇ પોંહોંચાડી પવીત્ર થવાની ઊમેદ ચાહેછે. કુસ્તીનો પેહેલો ગાંઠ બાંધતી વેલાએ તે એક ખોદાને માંનવા કબુલ કરેછે. કુસ્તીનો બીજો ગાંઠ વાલતાં મજદીયશની દીન કબુલ કરેછે.

કુસ્તીનો ત્રીજો ગાંઠ વાલતાં જરથોસ્ત બરહક બેસક બેગુમાન ખોદાઇ રાહનું કુરમાંન લાવનાર ખરો પેગંમબર તરીકે કબુલ કરેછે.

ચોથા ગાંઠ વાલતાં કુસ્તી બાંધનાર એવી ઊમેદ રાખેછે કે, જ્યાં લગીન માહારી હઇઆતી છે ત્યાં સુધી ભલાં નેકીનાં કામો કરવામાં મશગુલ રેહું*

કુસ્તીના બે લરના ઝુલતા છેડા પીઠ પાછલ રાખવાની મુરાદ તે નેકી અને બદીનું માંપ બતાવેછે, કે સેવટે નેકી યા બદી એ બેઉ કરનીઓ પુછડે વલગીને આપણી સાથે આવનારીછે, અને તે વિષે આ પીઠ પાછલના બે લર આપણને આગમચથી સાવચેત કરેછે.

બાબત ૧૯ મી.

પેગંમબર અશો જરથોસ્તનાં જન્મારાનો ટુંક હેવાલ.

આ પૃથ્વીની ઊપરનાં સઘલાં ઇનસાંનોની અંદર શાત જરથોસ્તના જેવો નુરવાલો, અસોઇવાલો, સચ્ચાઇને ચાહનારો, ફિલસુફોનો

* કુસ્તી એ તંનમનને નેક રાહા બતાવનારી મજદીયશની સીક્ષાની ઇધાંનીછે એટલું જ નહીં પણ તે આપણી કંમર પર બાંધવાનો ફિલસુફી ભેદ એછે કે, તેથી કોઠામાં નહ વાયુ થતો અટકેછે, પણ તે ગુણ જાણી કુસ્તી બાંધવામાં નથી. જરી અને કંમરે બેસતી કુસ્તી બાંધેલી હોએતો તે વધારે ફાયદા કારકછે.

ફિલસુફ, હકીમોનો હકીમ, સચ્ચાઇ અને પવીત્રને લગતા કાયેદા ફરમાવનાર, સર્વેથી પેહેલો પરસીધ પેગંમબર શાત જરથોસ્ત થાઇ ગીઓછે. જરથોસ્ત શાહેબનો જન્મ દરજીક નામની નદીને કાંઠે રએ નામનાં શેહેરમાં થાએો હતો, અને તેણે પોતાનો ધર્મ પેહેલો બલખ્ શેહેરમાં ફેલાવીએો હતો. જરથોસ્તના બચગીનાં વખતમાં દોરાં-શરૂન નામના જાદુગર અને જુલમગાર પાદશાહે એ જરથોસ્તને મારી નાખવાના ઘણા ઊપાયો કરીઆ હતા—તેને તલવારથી કતલ કરવા ચાહયું હતું, તથા વાધ વરૂનાં ટોલાંમાં પોતાનાં લશકરી માંણસો પાસે તે બચ્ચાંને ઊંચકી મોકલ્યું હતું, પણ જરથોસ્તનાં બદન ઊપર તે નાપાકોનો કસો ઊપાએ ચાલ્યેા નહીં હતો, પણ અંતે તે બુરો પાદશાહ કૂના થાએો, અને તેના સંધા મીલાપી જાદુગર લોકો નાશ પાંમી-આ હતા. જરથોસ્તના આવીઆની ખબર નજુમીએો અને પહુરેજ-ગારોને અને આગલ થાઇ ગએલા પાદશાહોએને સેંકડો વરસ આગમચથી હતી કે, જરથોસ્ત પેદા થાશે, અને સંધા દેવ લોકોને તથા જુલમાત અને મોહોત, મરજ, મરકીને તાલવાનાં ફરમાંનોના જાહેર ફેલાવો કરી શકશે. પાદશાહ ગુસ્તાસ્પના દરબારીએોએ તથા પંડીતોએ જરથોસ્તી ધર્મ સાંમણે તકરારો કરી હતી, પણ જર-થોસ્ત શાહેબે તેઓને કેટલાએક અવસ્તા કલામના પવીત્ર અજમતી મોજેજા બતાવીને તેવોની ખાતરી કીધાથી પાદશાહ ગુસ્તાસ્પે તથા તેના કુંટંબીઓએ તથા સઘલા તેના દરબારી સરદારોએ તથા મોહોટા વિદ્વાન લોકોએ સત જરથોસ્તનાં ફરમાંનને માંન આપી જરથોસ્તી દીન કબુલ કીધી હતી. જરથોસ્ત શાહેબ દીન લાવી-આ તેની સાથે આદર ખુરજીન નામનો વજર કાઠીએ બલતો નુરી આતશનો ગોલો તથા નવ ગ્રેની લાકડી હાથમાં લાવીઆ હતા. તેમાં શરીરની સંભાલ રાખવા સંબંધી ફિલસુફી ભરેલા ગુણો હતા

NATIONAL ARCHIVES OF INDIA

તેનો ખુલાશો બીજી ચોપડીમાં જણાવવામાં આવશે. જરથોશ્તને પાદ શાહ ગુસ્તાસપની દરબારમાં આવી પોંહોંચવા આગમચ ગુસ્તાસ્પના મેહેલ આગલ એક સરોવરનું ઝાડ અચબુચ ઉગી નીકલીઉં હતું, અને તેનાં દરેક પાંડદાંઓ ઉપર અવસ્તાને હરફે જરથોશ્તી દીન કબુલ કરવાને પાદશાહ ગુસ્તાસ્પને ફરમાવતું હતું. આજે જે આ પૃથ્વી ની ચોમેર નીતીના તથા સુધારાને લગતા કાયદાઓ તથા સુખાકારી ને લગતા સેનેટરી આકટો પ્રસીધ થએલા છે, તેને મલતી બાબતો સેહેંકડો વરસો અગાઉ સર્વેથી પેહલી જાહેર કરનાર સત જર થોસ્ત પેગમબર શાહેબ હતા.

બાબત ૨૦ મી.

દરવંદ યાને દરદોને જન્મ આપનાર કોણને કેહેવો.

જરથોશ્તી દીનના ફરમાનમાં જણાવે છે કે જે સખશ પોતાના તંન બદનને હમેશાં સાફ નહીં રાખે અને શરીરના ખરાબ થયલા હુંધાડા ભાગો જેવાકે મોહોડું, હાથ, અને પગોને વારંવાર ધોઇને સાફ નહી કરે અને દીલપરના બાલ તથા નખને વપરાસ વાલી જમીન અને પાંણીની નજદીક વેરાંતાં નાંખે, જેથી બીજાઓને પીડા થાએ,અને મોહડાંની લબને લાગેલા હાથ પાંણીથી ધોયા વીના બીજી સોજી વસ્તુઓને અથવા પોતાના દીલને લગાડે તે સખશને અવસ્તાના ફરમાનમાં રોગ ઉત્પન્ન કરનારો દરવંદ કરી ગણેલો છે.

બીજો દરવંદ તે એ કે જે ધણી જરથોસ્તી ધર્મમાં જન્મીઆ છતાં પોતાના પવીત્ર ધર્મની ખુબીની માહીતગારી પુરતી રીતે મેલ વીઆ વીના બીજા પરકોમના ફરેબબાજ લોકોનાં સબુનો પીયારથી સાંભલી તેઓના કેહેવા પર લોભાઇને પોતાનો ખરો પવીત્ર ધર્મ તજી પારકા ધર્મમાં વટલી જાએ તે સર્વેથી મોહોટો દરવંદ કેહેવાએ છે, કારણ કે તે ધણી પોતાને પેદા કરનાર ખોદાતાલાની મરજીથી એક ધર્મમાં જન્મ પામેલો તે બીજા ધર્મમાં વટલી જવાથી ખોદાતાલાની

મરજીને તોડેછે. બીજું તો તે પોતાનાં માબાપ સાથે એક મોહટી દગલ બાજી અને નીમખહરામી કરી તેમની સધલી ભલી ઉમેદો ઉપર પાંણી ફેરવેછે. વાસ્તે તે વટલનાર મોહોટો ધાટકી કસાઈ દરવંદ છે. તે પોતાનાં સગાં વાહાલાં અને જાતભાઈઓથી પોતાની જીંદગી સુધી ધિકાર પામે છે. અને મુવા પછી એ અજીમ ગુનાહને માટે [illegible]થી માફી તેને કદી મલતી નથી, કારણ કે એક તો તેને બોદાની મરજી તોડી, અને બીજું તો તેને પોતાનાં માબાપ સાથે મોહોટી નીમખહરામી કીધી, અને ત્રીજું તો દુન્યાને સુખ ઉપજાવનારો ઈશ્વરી પવીત્ર મજદીયશ ની જરથોસ્તી ધર્મને તજીઓ.

દરવંદ વિષ અવસ્તા-ગારડીષયશ્ત હાદુખ્ત મહેથી.

તદ દરવતો દરવતાંમ ઉરવતો પઈતિ દારેશત, તદ દરવતો દર વઈત્યાઓસચ અપિઉપિકરેન, ગવદવરેથર જકૂરદેરેજવાન પઈરિ ઉર વએશાતિમ યદ નેમો વોહૂ અડવીંમ અદમએષેમ નોરએહાંમ વરે તિશ, દરૂજો વારેથમ દારેશત.

અર્થ.

દરવંદો કરતાં મોહોટો દરવંદ તે કે જે શખશ જુદ દીનનાં સખુનો પોતાના દીલમાં ઉતારે અને હુશીઆરીના કાંને સાંભલે અને જુબાંને કરી બોલે, (યાને જુદદીનના લોકોની ગલીચ રીતને પસંદ કરે.)

વખાણું નેક અને ભલા (જરથોસ્તી) ઓને કે તેઓ દરૂજ દરવંદોના નાલાયક કામોને દુર રાખેછે.

NATIONAL ARCHIVES OF INDIA

NATIONAL ARCHIVES OF INDIA

ORI.
Guj 275-38. 4/-00
Purl/cum
Purthuku Asfundiarji
Kurjarji
commentaries on the constitution
religious ceremonies ft 2.1.1.

NATIONAL ARCHIVES OF INDIA

Digitized with financial assistance from

on 16 November, 2018

NATIONAL ARCHIVES OF INDIA